Postal Registration No. GAMC 1417/upto 31-12-2008 RNI No. GUJGUJ/2003/15738
Posted on 5th of every month at PSO, Ahmedabad - 380 002. Annual Subscription Rs. 100/-



શ્રીરામ

પવિત્ર જીવન માટે પ્રેમરાખો અને આ જન્મમાં જ આત્મસાક્ષાત્કાર કરો. તમારા ઝડપી ઉત્થાન માટે ત્રિવિધ - સત્ય, અહિંસા અને બ્રહ્મચર્ય-નું લક્ષ્ય રાખો અને તેમને કોઈ પણ ભોગે વળગી રહો. સૌ પ્રથમતમારી જાતને સંપૂર્ણપણે શિસ્તબદ્ધ કરો. તમે દિવ્યજીવનના જીવતા, ચાલતા અને બોલતા ઉદાહરણ બની જાઓ. ઉપદેશ કરવા માટે તે જ વધુ અસરકારક માર્ગ છે અને જ્યારે તમે ઉપદેશ આપો ત્યારે તમારા શબ્દોમાં તમારા પોતાના અનુભવનું અને અટળ શ્રદ્ધાનું વજન હોવું જોઈએ.

**- સ્વામી ચિદાનંદ**

Print Vision

# દિવ્ય જીવન

વાર્ષિક લવાજમ : રૂા. ૧૦૦/-



**એપ્રિલ**
**૨૦૦૮**

## માનવજાતને સંદેશ

સંતો, ઋષિઓ અને દૃષ્ટાઓએ શ્રદ્ધા, ભક્તિ અને સાધનાથી દિલગીરી, દર્દ અને મૃત્યુને જીતી લીધાં છે. તમે તમારા જન્મસિદ્ધ અધિકારનો દાવો કરો અને તમારા જીવનનું લક્ષ્ય-સાક્ષાત્કાર પ્રાપ્ત કરો. ઊભા થાઓ, જાગો ! સત્ય, પવિત્રતા, પ્રેમઅને ભલાઈનું દિવ્યજીવન જીવો.

**- સ્વામી શિવાનંદ**

# શ્રી સ્વામી શિવાનંદજી મહારાજની પ્રેરણાથી પ્રકાશિત
# દિવ્ય જીવન

વર્ષ : ૫ અંક : ૪ એપ્રિલ-૨૦૦૮



**સંસ્થાપક અને આદ્યતંત્રી :**
**બ્રહ્મલીન શ્રી સ્વામી યાજ્ઞવલ્ક્યાનંદજી**
(ડૉ. શિવાનંદ અધ્વર્યુજી)
**સંપાદક મંડળ :**
**શ્રી સ્વામી અધ્યાત્માનંદજી**
**ડૉ. મફતલાલ જે. પટણી**
**ડૉ. હરીશ દ્વિવેદી**

•

**લેખ મોકલવાનું સરનામું :**
**તંત્રીશ્રી : ડૉ. મફતલાલ જે. પટણી**
૪, વિશ્વભારતી સોસાયટી,
નવરંગપુરા ટેલિફોન ટાવર પાસે,
એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : ૨૬૪૦૮૪૦૬

•

**મુખ્ય કાર્યાલય :**
**'દિવ્ય જીવન' માસિક, તેનું લવાજમ :**
**સ્વામી ચિદાનંદ સર્વજીવસેવાનિધિ**
**ઈતર પત્રવ્યવહાર અને મહામંત્રીનું કાર્યાલય :**
ગુજરાત દિવ્ય જીવન સંઘ
શિવાનંદ આશ્રમ,
જોધપુર ટેકરી, શિવાનંદ માર્ગ,
અમદાવાદ-૩૮૦૦૧૫
ફોન : ૨૬૮૬૧૨૩૪
ટેલિફેક્સ : ૨૬૮૬૨૩૪૫

•

E-mail :
sivananda_ashram@yahoo.com
Website : http://www.divyajivan.org



**લવાજમ**

**ભારતમાં**

| | | |
|---|---|---|
| વાર્ષિક લવાજમ | : | રૂ. ૧૦૦/- |
| શુભેચ્છક લવાજમ (૧૫ વર્ષ માટે) | : | રૂ. ૧૦૦૦/- |
| પેટ્રન લવાજમ | : | રૂ. ૨૫૦૦/- |
| છૂટક નકલ | : | રૂ. ૧૦/- |

**વિદેશ માટે :**
વાર્ષિક $ 12 અથવા £8 (એર મેઈલ)
પેટ્રન $ 250 અથવા £160 (એર મેઈલ)
ફેક્સ ડ્રાફ્ટ (અમદાવાદ) દ્વારા


ॐ

विनायकं गुरुं भानुं ब्रह्मविष्णुमहेश्वरान् ।
सरस्वतीं प्रणम्यादौ सर्वकार्यार्थसिद्धये ॥

वर्णानामर्थसङ्घानां रसानां छन्दसामपि ।
मङ्गलानां च कर्तारौ वन्दे वाणीविनायकौ ॥

शुक्लांबरधरं देवं शशिवर्णं चतुर्भुजम् ।
प्रसन्नवदनं ध्यायेत् सर्वविघ्नोपशान्तये ॥

'સર્વ કાર્યોની સફળતા માટે પ્રથમ ગણપતિ, ગુરુ, સૂર્ય, બ્રહ્મા, વિષ્ણુ, મહેશ અને સરસ્વતીને હું પ્રણામ કરું છું.'

'અક્ષરો, અર્થસમૂહો, રસો તથા છંદોના કરનારાં સરસ્વતીને તથા સર્વમંગલોના કર્તા ગણપતિને હું વંદું છું.'

'શ્વેત વસ્ત્રધારણ કરનારા, ચંદ્રમા સમાન કાંતિવાળા અને ચાર હાથવાળા, પ્રસન્ન મુખવાળા, શ્રીનારાયણદેવનું સર્વ વિઘ્નોની શાંતિ માટે ધ્યાન કરું છું.'

## શિવાનંદ વાણી

પદાર્થોમાં સુખનો એક કણ પણ સુખ નથી, કારણ કે તે જડ છે. ઈન્દ્રિયોનું સુખ પણ આત્માના આનંદનું પ્રતિબિંબ છે. જેમ કૂતરો સૂકા હાડકાંને ચૂસે છે, ત્યારે હાડકું વાગવાથી તેના મોઢામાંથી નીકળતા લોહીને તે ચૂસે છે અને મૂર્ખાઈથી માને છે કે તે લોહી પેલા હાડકામાંથી આવે છે. તે જ રીતે દુન્યવી લોકો કલ્પે છે કે તે રોજિંદા જીવનમાં જે સુખનો અનુભવ કરે છે, તે પદાર્થોમાંથી જ આવે છે. તમે શાશ્વત, અનંત, પરમ-શાંતિ અને આનંદ માત્ર તમારા આત્મામાંથી જ મેળવી શકશો, જે તેની ઉત્કૃષ્ટતા અને ભવ્યતાથી તમારા હૃદયમાં પ્રકાશી રહ્યો છે.

**- સ્વામી શિવાનંદ**


**પ્રકાશક-મુદ્રક :** શ્રી સુમંતરાય સી. દેસાઈ વતી માલિક ગુજરાત દિવ્ય જીવન સંઘ દ્વારા પ્રિન્ટ વિઝન પ્રા. લિ., પ્રિન્ટ વિઝન હાઉસ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૦૬ પ્રેસ ખાતે છપાવી શિવાનંદ આશ્રમ, જોધપુર ટેકરા, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫થી પ્રકાશિત કર્યું.

## અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| ૧. | શ્લોક | | ૧ |
| ૨. | અનુક્રમ, તહેવાર સૂચિ | | ૨ |
| ૩. | સંપાદકીય | સંપાદક | ૩ |
| ૪. | ભક્તિયોગ-૩ | ગુરુદેવ શ્રી સ્વામી શિવાનંદજી | ૪ |
| ૫. | સમજશક્તિ | શ્રી સ્વામી સચ્ચિદાનંદજી | ૬ |
| ૬. | આચારાંગ સૂત્ર | આચાર્ય વિજયરત્નસુંદરસૂરિજી | ૭ |
| ૭. | દૈવી શક્તિના અવતરણનાં પરિણામો | શ્રી યોગેશ્વરજી | ૮ |
| ૮. | મનાચે શ્લોક - મનોબોધ | શ્રી સ્વામી અધ્યાત્માનંદજી | ૧૦ |
| ૯. | ઉપદેશામૃત-૪ | શ્રી રણછોડદાસજી મહારાજ | ૧૨ |
| ૧૦. | પુનર્જન્મ | શ્રી મોટા | ૧૪ |
| ૧૧. | યોગ એ જ જીવન (૭) | શ્રી સ્વામી અધ્યાત્માનંદજી | ૧૬ |
| ૧૨. | રામાયણ - મહાકાવ્ય | શ્રી ગુણવંત શાહ | ૧૯ |
| ૧૩. | હિમાલયનો પ્રસાદ | શ્રી ભાણદેવ | ૨૨ |
| ૧૪. | તપસ્વિની | શ્રી દિગંબર સ્વાદિયાજી | ૨૪ |
| ૧૫. | એક સત્ય ઘટના | શ્રીમતી પૂર્ણાબેન જ્યોતિન્દ્ર રીંડાણી | ૨૬ |
| ૧૬. | શ્રી ચૈતન્ય મહાપ્રભુ-જીવન પ્રસંગો | શ્રી કનૈયાલાલ મ. પંડ્યા | ૨૭ |
| ૧૭. | ફાયદાનો ફાયદો શો ? | ડૉ. હરીશ દ્વિવેદી | ૨૮ |
| ૧૮. | વૃત્તાંત | | ૩૦ |


## તહેવાર સૂચિ

**એપ્રિલ, ૨૦૦૮**

| તા. | તિથિ | (ફાગણ વદ) |
|---|---|---|
| ૨ | ૧૧ | એકાદશી |
| ૩ | ૧૨ | પ્રદોષપૂજા, |
| ૫/૬ | ૩૦ | અમાવાસ્યા |
| | | **(ચૈત્ર સુદ)** |
| ૭ | ૧-૨ | વસંત નવરાત્રિ શરૂ |
| ૮ | ૩ | શ્રી મત્સ્ય જયંતી |
| ૧૩ | ૮ | મેષ સંક્રાન્તિ (૭-૫૭ સાંજે) |
| ૧૪ | ૯ | શ્રી રામનવમી, શ્રી સમર્થ રામદાસ જયંતી |
| ૧૬ | ૧૧ | એકાદશી |
| ૧૭ | ૧૨ | પ્રદોષપૂજા |
| ૧૮ | ૧૩ | વર્ધમાન મહાવીર જયંતી |
| ૧૯/૨૦ | ૧૫ | ચૈત્ર પૂર્ણિમા |
| ૨૦ | ૧૫ | હનુમાન જયંતી |

### ● ગુરુદેવ સ્વામી શિવાનંદજીનો ષડંગયોગ ●

**● સેવા ● પ્રેમ ● દાન ● પવિત્રતા ● ધ્યાન ● સાક્ષાત્કાર**

**ભગવાનની સર્વવ્યાપકતા**

તરંગો પાણીમાં ઉત્પન્ન થાય છે, પાણી ઉપર આધાર રાખે છે અને પાણીમાં ઓગળી જાય છે. આખા જગતનો એકમાત્ર આધાર ભગવાન છે. આ બાબતનો સાક્ષાત્કાર કરીને તથા ભગવાનની સર્વવ્યાપકતાની અનુભૂતિ કરીને જ્ઞાની મનુષ્ય તેમને ભક્તિથી પૂજે છે તથા સર્વ સ્થળોમાં તેમની હાજરીનો અનુભવ કરીને દરેક સ્થળને ભજે છે. બધા જ દેશોમાં અને સર્વ સમયે તે જ એક ભગવાન - સર્વોત્તમ છે.

**- સ્વામી શિવાનંદ**

### "અનુરોધ-અભિલાષા" ગ્રાહકોને :

- રવાનગી સરળતા માટે આપનું પત્રવ્યવહારનું સરનામું પિનકોડ સાથે સંપૂર્ણ હોય તે ઇચ્છનીય છે.
- આપનો ગ્રાહક નંબર નોંધી લેવા વિનંતી છે, જેથી અંકની પ્રાપ્તિ સંબંધી કોઈ પણ પત્રવ્યવહાર કરતી વેળા ગ્રાહક નંબરનો ઉલ્લેખ વહીવટી સરળતા સર્જી શકે છે.
- સામાન્યતઃ દર માસની પાંચમી તારીખે અંક પ્રસિદ્ધ થયા બાદ તેની રવાનગીનું કામ શરૂ થાય છે. છતાં કોઈ ખાસ કારણોસર પ્રકાશનની નિર્ધારિત તારીખના ૧૦ દિવસ વીત્યે પણ જો આપને અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા બાદ વહીવટી કાર્યાલયને જણાવવું. સિલકમાં હશે તો બીજો અંક મોકલાશે.
- 'દિવ્ય જીવન'ની સામગ્રી આપને ગમી હશે. તેથી હવે આપનાં પરિચિત વર્તુળોમાં પણ તેની રસલ્હાણ થાય અને ગ્રાહકવૃદ્ધિમાં આપનો નક્કર સહયોગ અમને મળતો રહે તેવી અભિલાષા છે.
- અમદાવાદ સિવાયના ગ્રાહકોએ પોતાનું લવાજમ ડ્રાફ્ટ અગર મનીઓર્ડરથી જ મોકલવું.

### દિવ્ય સ્ફુલિંગ

**પ્રોન્નત વિચારો :** ૧. હિંમતપૂર્વક વિચારો અને હિંમતપૂર્વક અમલમાં મૂકો. મનનું બળ અને ઉચ્ચ આદર્શો તમારા હૃદયને પવિત્ર કરશે અને તમને અમર તથા સંપૂર્ણ આનંદી બનાવશે. ૨. માત્ર એક જ સીધો માર્ગ છે અને તે માર્ગ છે - ધર્મનો અને પવિત્રતાનો. આ માર્ગનું ખંતપૂર્વક ખેડાણ કરો અને અમરત્વ પામો. ૩. નિખાલસતા-પ્રામાણિકતા એક એવો સદ્ગુણ છે કે જે તમને ભગવાનના સતત સાન્નિધ્યમાં રાખશે. પ્રામાણિકતા-ગંભીરતા એ ભગવત્સાક્ષાત્કારનું પ્રવેશદ્વાર છે. ૪. સાદું જીવન, મુમુક્ષુતા, વૈરાગ્ય, દિવ્ય ગુણોનો વિકાસ; સત્ય, પવિત્રતા, નિરુપદ્રવીપણું, નિઃસ્વાર્થ સેવા અને વિનમ્રતાનો અભ્યાસ એ યોગ માટે અનિવાર્ય છે.

**- સ્વામી ચિદાનંદ**

# સંપાદકીય

રાજનીતિની ભાષામાં એવું કહી શકાય કે ભાગ્ય અને પુરુષાર્થ બે પાડોશી રાષ્ટ્રોની જેમ રહે છે. રાજનૈતિક માન્યતા એ છે કે પાડોશી રાષ્ટ્રોમાં મિત્રતાની સંભાવના ભાગ્યે જ હોઈ શકે. મોટા ભાગના વ્યક્તિઓના જીવનમાં નિયતિ અને પુરુષાર્થનો સંઘર્ષ ચાલ્યા જ કરતો હોય છે. તેથી બંને રાષ્ટ્રોની સીમા-રેખાઓ પણ પરિવર્તિત થતી રહે છે. ક્યારેક ભાગ્યના સૈનિકો પુરુષાર્થની સીમા-રેખામાં પ્રવેશ કરીને તેને વિનષ્ટ કરવા તત્પર થઈ જાય છે, તો વળી ક્યારેક પુરુષાર્થના પ્રચંડ સૈનિકો ભાગ્યની સીમા-રેખાને છિન્ન વિચ્છિન્ન કરી નાખે છે. આ કદીયે સમાપ્ત ન થાય તેવો સંઘર્ષ છે. સમય પરિવર્તન સાથે જીવન મૂલ્યાંકનોમાં પરિવર્તન આવતું નથી. વ્યક્તિ, સમાજ અને રાષ્ટ્ર-પ્રત્યેકનાં જીવન પરિવર્તનશીલ છે' છતાં માનવસમાજની આચરણ-સંહિતા અને જીવનમૂલ્યોનો હ્રાસ તો કદી કરી જ ન શકાય.

શ્રીરામ એક ઐતિહાસિક પાત્ર છે કે એક કોરી કલ્પના ? એ પ્રશ્ન નથી. શ્રીરામચરિતનું જો એક પૃષ્ઠ પણ આપણાં જીવનમાં ઊઘડે તો જીવન દિવ્ય બની શકે.

શ્રીરામનું જીવન પણ સરળ રેખા સમાન નથી. ત્યાં પણ અનેક આરોહઅવરોહ છે. વસંત અને પાનખર છે. ભરતી અને ઓટ છે. સુખદુઃખ અને ઝંઝાવાત પણ છે. મિલન છે, વિરહ પણ છે. આ બધું નિયતિની પ્રબળતા છે. માટે જ શ્રી તુલસીજી કહે છે, 'કરમ પ્રધાન બિસ્વ કરિ રાખા । જો જસ કરઈ સો તસ ફલ ચાખા ।' નિયતિનું નિર્માણ પણ વ્યક્તિ પોતે જ કરે છે. આપણી સમસ્યાઓનું સમાધાન પણ આપણે જ છીએ. ભૂતકાળ ચાલ્યો ગયો છે. ભવિષ્યનાં મંડાળ ભૂતનો કર્મ વિપાક છે. આપણો આજનો વર્તમાન આપણું આવતી કાલનું ભવિષ્ય છે. માટે પ્રતિપળ જાગ્રતપણે વર્તમાનમાં જ જીવતાં શીખીએ. વર્તમાનની પ્રત્યેક પળને દિવ્ય બનાવી શકાય.

અધ્યાત્મ-સાધનાના પથ ઉપર ગુરુનું સ્થાન અપ્રતીમ છે. વ્યાવહારિક જગતમાં પણ લોકો અસમય અને અકાળના નિર્ણયોથી ભટકાઈ જતા હોય છે, તો જે પથ 'અજ્ઞાત' છે જે લક્ષ્ય જ સ્પષ્ટ નથી, 'જો પથ પાવ કબહું મુનિ કોઈ' તેવો સંકેત પણ તુલસીજી કરે છે. ત્યારે આપણે દૃષ્ટિ ક્યાં કરવી ? ઉત્તર છે... 'નિજ મનુ મુકુર સુધારી' મન દર્પણને સ્વચ્છ કરવું જ પડશે. અતિક્રમણ તો કરવું જ પડશે. શ્રીરામચરિત કહે છે,

**પ્રબલ અહંકાર દુરઘટ મહીધર મહામોહગિરિ ગુહા નિબિડાંધકારં ।**
**ચિત્ત બેતાલ મનુજાદ મન પ્રેત ગન રોગ ભૌગૌઘ વૃશ્ચિક વિકારં ॥**

આ સંસાર-વનમાં અહંકાર વિશાળ પર્વત છે. તેમાં મહા મોહરૂપી ગુફાઓ છે, જે નિબીડ અંધકારથી ભરેલી છે. ચિત્તરૂપી વૈતાલ, મનરૂપી માનવભક્ષી રાક્ષસ, રોગ-રૂપી ભૂતપ્રેતગણ અને ભોગ-વિલાસરૂપી વીંછીઓનું ઝેર ફેલાયેલું છે... ત્યાંથી પાર થવાનો એક જ ઉપાય છે 'પ્રભુ મુદ્રિકા મેલી મુખ માંહિ, જલધી લાંઘી ગયે અચરજ નાહી'... આ એપ્રિલ માસમાં શ્રી રામપ્રાકટ્ય, શ્રી હનુમાન જયંતી અને શ્રી સદ્‌ગુરુદેવ સ્વામી શિવાનંદજી મહારાજ આચાર્ય-શિષ્ય-બ્રહ્મલીન શ્રીમત્ સ્વામી કૃષ્ણાનંદજી મહારાજનો જન્મોત્સવ આવે છે. આ ઉત્સવો આપણાં જીવનને વધુ સરળ, સહજ, નિષ્કપટ, નિષ્પાપ અને પ્રભુપરાયણ કરે એ જ પ્રાર્થના. ૐ શાંતિ.

**- સંપાદક**

# ભક્તિયોગ - ૩

ગુરુદેવ શ્રી સ્વામી શિવાનંદજી

[સ્વામી શિવાનંદ જ્ઞાનયજ્ઞ નિધિ પ્રકાશિત શ્રી સ્વામી શિવાનંદજીનાં લખાણો અને ઉપદેશો પર આધારિત 'યોગના પાઠો'માંથી સાભાર - સૌજન્ય : ધી ડિવાઈન લાઈફ સોસાયટી - સાઉથ આફ્રિકા]

**ભક્તના ભાવ**

બધા જ પ્રકારના યોગોમાં અને તેમાંય ખાસ કરીને ભક્તિયોગમાં એક અગત્યનો ઘટક છે 'ભાવ'. ભાવ એ હૃદયની અંદરનું વલણ છે જે ભગવાન સાથેના ચોક્કસ સંબંધને વ્યક્ત કરે છે. તે પૂર્ણતયા માનસિક સ્થિતિ છે.

ભક્તિયોગની સાધનામાં પાંચ પ્રકારના ભાવ છે- શાંત, દાસ્ય, વાત્સલ્ય, સખ્ય અને માધુર્ય. આપણે આ સંજ્ઞાઓને થોડી વારમાં સમજીશું. આપણે પહેલાં દર્શાવવું પડશે કે દરેક ભાવ અમુક રસ સાથે એકબીજા સાથે મળીને આગળ વધે છે. આ રસ ભક્તે અનુભવેલા આનંદનું વર્ણન કરે છે. દાખલા તરીકે ભક્ત વાત્સલ્યભાવનો અભ્યાસ કરે છે તે ભગવાનને પોતાનું બાળક સમજે છે અને ભગવાનનાં માતા-પિતા હોય તેમ ઘનિષ્ઠ પ્રેમરસનો અનુભવ કરે છે.

**૧. શાંત ભાવ :** શાંત એટલે 'મનની અક્ષુબ્ધતા'. શાંત રસમાં ભક્તનું મન દિવ્ય જ્ઞાનથી ભરાઈ જાય છે અને તે આવેગરહિત બની જાય છે. ઉચ્ચ વિકાસ પામેલા યોગીઓ જેમના મનના આવેગો શાંત થઈ ગયા છે તેવા જ્ઞાનીઓ તથા જેમને ભગવાનનો પ્રત્યક્ષ અનુભવ થયેલો છે તેઓ જ શાંત ભાવનો અભ્યાસ કરે છે. ભીષ્મ પિતામહે તેમની સર્વ લાગણીઓને પોતાના વશમાં કરી હતી. તે શાંત ભક્ત હતા. શાંત ભક્ત હંમેશાં અક્ષુબ્ધ, શાંત અને સ્વસ્થ હોય છે. જ્યારે બધી બાજી ઊલટી થાય ત્યારે પણ તે ઉદ્વેગ પામતો નથી. તેના અભિપ્રાયો અફર હોય છે અને બીજાની ટીકાથી બદલાતા નથી. તે શાંતિથી ભગવાનમાં આશ્રય પામે છે અને તરંગવિહીન સમુદ્ર જેવો દેખાય છે.

**૨. દાસ્ય ભાવ :** દાસ્ય ભક્તિમાં ભક્ત પોતાને દાસ અને ભગવાનને તેના માલિક સમજે છે. તે ભગવાનના નમ્ર સેવક તરીકે પોતાને ગણે છે. દાસ એટલે નોકર.

દાસ્ય ભક્ત ભગવાનને ચાહવાની અને તેમની સેવા કરવાની પોતાની ફરજ સમજે છે. જગતને સ્વયં ભગવાનનું સ્વરૂપ સમજીને તે સર્વ જીવોનો નમ્ર સેવક બનીને રહે છે. સૌને તે પોતાના માલિક ગણે છે. તે એવી લાગણીનો વિકાસ કરે છે કે જે કાંઈ છે તે સર્વ ભગવાન જ છે, ભગવાનના અસ્તિત્વથી અલગ કશું નથી.

સર્વ કાળે તે ભગવાનનું રક્ષણ મેળવવા તલસે છે. તે એમ સમજે છે કે તેનામાં પોતાની કોઈ અંગત શક્તિ નથી. તે ભગવાનનો દાસ હોઈ ભગવાન જ તેની સંભાળ લેશે એવી ભાવના તે રાખે છે. તે પોતાના બચાવ માટે ભગવાનને પ્રાર્થે છે. આ રીતે તે માત્ર ભગવાનના વિચારોમાં જ તલ્લીન રહે છે. અંતે તે પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ ભૂલીને ભગવાનમાં ભળી જાય છે. હનુમાનજી દાસ્ય ભક્તિના ઉદાહરણરૂપ છે.

**૩. સખ્ય ભાવ :** સખ્ય ભાવમાં ભગવાનને મિત્ર ગણવામાં આવે છે. ભગવાન સર્વોચ્ચ સાથી અને એકમાત્ર ગોઠિયો છે. તે પ્રેમી, ભોમિયો અને રક્ષણ કરનાર છે.

સખ્ય ભક્ત સંબંધ, દરજ્જો, વસ્ત્ર, સ્વભાવ અને અન્ય પાત્રતાઓમાં પોતાને ભગવાનની સમાન ગણે છે. આમ છતાં તે ચોક્કસ અંતર પણ જાળવે છે. તે પોતાને ભગવાનથી અલગ માને છે. કોઈ માણસ પોતાના મિત્રના સંગાથ વિના જીવી શકતો નથી. મિત્રો ભેગા જમે છે, સાથે વાતો કરે છે અને ભેગા મળીને જીવે છે. એ રીતે ભક્ત ભગવાન વિના જીવી શકતો નથી.

અર્જુન સખ્ય ભક્તનું ઉદાહરણ છે. તે ભગવાન કૃષ્ણને પોતાના સખા માનતો હતો. ભગવાને પણ તેને પોતાનો મિત્ર ગણ્યો હતો. તેમણે કહ્યું, 'હું ભક્તનું હૃદય છું અને ભક્ત મારું હૃદય છે.'

**૪. વાત્સલ્ય ભાવ :** વાત્સલ્ય ભાવમાં ભક્ત એવું અનુભવે છે કે ભગવાન તેનું બાળક છે. તમે ઢીંચણે ઘોડો થઈને ચાલતા બાળક સ્વરૂપે ભગવાન શ્રીકૃષ્ણનું નિરૂપણ કરતાં ચિત્રો જોયાં હશે. ભગવાનનું આ સ્વરૂપ વાત્સલ્ય ભક્તને અનુરૂપ છે.

બાલકૃષ્ણનાં પાલક માતા યશોદાજીને ભગવાન પ્રત્યે વાત્સલ્ય ભાવ હતો. તેમણે આ દિવ્ય બાળકનું એક પ્રેમાળ માતાની માફક જતન કર્યું. તેમનો પૂર્ણ માતૃભાવ આ રીતે ભગવાન ઉપર કેન્દ્રિત થયો હતો. તે ભગવાનને નવડાવતાં, ખવડાવતાં, ધવડાવતાં અને તેમને ઊંઘાડવા મધુરાં હાલરડાં ગાતાં. દિવ્ય બાળકની આવી સેવાઓ કરીને તેમણે કેવો અમાપ આનંદ મેળવ્યો !

નાનકડા શ્રીકૃષ્ણ ગોપીઓનાં ઘરોમાંથી માખણ ચોરીને તેમની માતાને કેવા સતાવતા હતા ! યશોદાજી ઉદ્વિગ્ન થયાં હોય તેવું બાહ્ય રીતે લાગતું, પરંતુ વાસ્તવમાં આ અનુભૂતિ તેમને ઊંડો આનંદ આપતી હતી. તે મનોભાવમાં તેઓ પૂર્ણ રીતે પોતાની જાતને ભગવાનની માતા જ માનતાં હતાં. એટલા માટે વાત્સલ્ય ભાવમાં ભક્ત એક માતાને પોતાના બાળક માટે જેવો પ્રેમ હોય તેવો પ્રેમ ભગવાન પ્રત્યે વિકસાવે છે.

**૫. માધુર્ય ભાવ :** દિવ્ય પ્રેમનું સર્વોત્તમ પ્રદર્શન માધુર્ય ભાવમાં થાય છે. અહીં ભક્ત ભગવાનને પોતાના પ્રિયતમ અને પોતાને તેમની પ્રિયતમા માને છે. આવો પ્રેમ વિકસાવવો, સમજવો અને તોડવો અતિ મુશ્કેલ છે.

ગોપીઓને ભગવાન કૃષ્ણ પ્રત્યે માધુર્ય ભાવ હતો. રાધા ગોપીઓમાં અગ્રણી હતી. તેણે ભગવાનને પોતાના પતિ માન્યા હતા. તેનો પ્રેમ પાર્થિવ ન હતો. તેને તેના પ્રિયતમના વિચારમાત્રથી દિવ્ય પરમાનંદની અનુભૂતિ થતી હતી. તે શુદ્ધ, અનાસક્ત અને નિઃસ્વાર્થ પ્રેમ હતો. અપવિત્ર અંતઃકરણવાળા લોકો આ પ્રેમને કદી સમજી નહીં શકે.

માધુર્ય ભક્તિમાં સર્વ સંભ્રમ અને અંગત અભિપ્રાયોને કોરે મૂકી દેવામાં આવે છે. પ્રેમ અને માત્ર પ્રેમ જ પાંગરે છે. આ ભાવમાં પરમાનંદની પ્રગાઢતાનો શ્રેષ્ઠ અનુભવ થાય છે.

ખૂબ સ્પષ્ટ રીતે સમજી લેવું જોઈએ કે પ્રિયતમના મિલનના આનંદનો માધુર્ય રસ જગતમાં ઇન્દ્રિયો દ્વારા ભોગવાતી વિષયવાસનાથી મળતા આનંદથી તદ્દન ભિન્ન છે. વિષયજન્ય સુખ સંપૂર્ણ રીતે સ્વાર્થી હોય છે અને તેનો આનંદ વ્યક્તિ પોતે જ ભોગવે છે પરંતુ પ્રભુ પ્રત્યેના પ્રેમમાં પ્રભુ સાથેના મિલનનો આનંદ પ્રભુને જ મળે તેવી ભાવના હોય છે; વ્યક્તિ પોતાના આનંદનો વિચાર કરતી નથી. દિવ્ય પ્રેમ અહંકાર અને સ્વાર્થથી પર હોય છે. આ પ્રેમ વિષયવાસનાથી તદ્દન વિરુદ્ધ છે. વ્યક્તિ ભગવાન પ્રત્યે માધુર્ય ભાવથી ભક્તિ શરૂ કરે તે પહેલાં તેણે આ સ્પષ્ટ રીતે સમજી લેવાની જરૂર છે.

આ પાંચ ભાવોનો અભ્યાસ આપણને સદૈવ ભગવાનના જ વિચારોમાં લીન રહેવામાં મદદરૂપ થાય છે. તે આપણને જગતનાં વળગણોમાંથી મુક્ત કરીને પ્રભુનાં ચરણારવિંદ સાથે જોડે છે. તે આપણને આપણા હૃદયમાં પ્રભુની જીવંત હયાતીનો અનુભવ કરવામાં સહાયરૂપ બને છે. તે આપણી વૃત્તિઓને શુદ્ધ કરે છે. ઉપરોક્ત ભાવોમાંથી કોઈ પણ એક ભાવ દ્વારા કરેલી સેવા અને પૂજા ભગવાનને પહોંચે છે અને તેમને પ્રસન્ન કરે છે.

ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ આપણને ઉપરોક્ત પાંચેય કે ગમે તે એક ભાવ સાથે તેમને પિતા, માતા, સખા, સંબંધી અને પ્રેમી તરીકે ભજી તેમને પામવાનો આદેશ આપે છે.

આ ભાવો અને રસોના જ્ઞાનથી તમે નોંધ લેશો કે ભક્તિયોગ પરમાત્માને પામવાની એક ચોક્કસ પ્રવૃત્તિ છે, અને નહીં કે માત્ર લાગણીઓની રમત. અભ્યાસ દ્વારા જ્યારે અમુક ચોક્કસ ભાવ મનમાં દૃઢ થઈ જાય ત્યારે ભક્ત વિશુદ્ધ આનંદની સ્થિતિ અનુભવે છે. આ તેના અંતરાત્માનો સ્વભાવ છે. જ્યારે તે આ સ્થિતિનો અનુભવ કરે છે ત્યારે તેને આત્મસાક્ષાત્કાર થાય છે. હવે તેનું મન શાંત બને છે અને પ્રેમ તથા પવિત્રતાથી ભરાઈ જાય છે.

**'યોગના પાઠ'માંથી સાભાર**

# સમજશક્તિ

- શ્રી સ્વામી સચ્ચિદાનંદજી (યુ.એસ.એ.)

સમજશક્તિ એ દરેકની પાસે હોવો જોઈએ તેવો મહાન સદ્‌ગુણ છે. જો આપણે એકબીજાને સમજીએ તો આપણે ઈશ્વરને પણ સમજી શકીશું. તમારી જાતને અને તમારા પાડોશીને સમજ્યા વગર તમે ઈશ્વરને કેવી રીતે સમજશો ? જ્યારે આપણે સંસારમાં આવીએ છીએ ત્યારે કોઈની નીચે કામ કરવાનું હોય ત્યારે જ સમજશક્તિનો સવાલ આવે છે. કેટલાક લોકોને કોઈની પણ નીચે કામ કરવું નથી. તેમને ઉપરના સ્થાને જ રહેવું હોય છે. પણ નમ્રતા હંમેશાં સમજણથી આવે છે. જ્યાં સુધી તમે એમ માનતા રહો કે તમે કોઈ વિશિષ્ટ વ્યક્તિ છો ત્યાં સુધી તમે કંઈ નથી. જ્યારે તમને અનુભવ થાય કે તમે કંઈ જ વિશિષ્ટ નથી, ત્યારે તમે ખરેખર વિશિષ્ટ બનો છો. તે હિનત્વભાવ નથી. તે નમ્રતા છે. યાદ રાખો કે જે વિવિધ પ્રકારની સમજશક્તિ ધરાવે છે તે હંમેશાં નમ્ર હોય છે.

તમે ખેતરમાં થતા ઘઉંના છોડને જોયા હશે. તમે તેમને સીધા વધતા જુઓ છો. ધીમે ધીમે તેમાં કુમળા દાણા ભરાય છે. સરસ દેખાય છે. છોડ સીધા જ રહે છે. પણ જ્યારે તે દાણા ભરેલા પક્વ બને છે ત્યારે છોડ નમી જાય છે. ઊંચા ભાગમાં પાકા દાણાનું વજન વધી જતાં તે નીચા વળી જાય છે, આડા પણ પડે છે. ખાલી વ્યક્તિ અભિમાનથી સીધી ઊભા રહીને 'હું ઊંચી છું' એમ કહી શકે છે પણ જે પુખ્ત છે તે જમીન તરફ નીચે વળે છે. જે બીજાને સમજવાનો પ્રયત્ન કરે છે તે હંમેશાં નમ્ર હોય છે. નમ્રતા મહાન સદ્‌ગુણ છે. તમે જ્યાં જ્યાં નમ્રતા જોશો ત્યાં સમજશક્તિ આપોઆપ હશે. સમજશક્તિ અને ભણતરને કોઈ મર્યાદા નથી. હિન્દુ ધર્મમાં વિદ્યાની દેવી સરસ્વતીને હંમેશાં તેના હાથમાં એક પુસ્તક સાથે બતાવવામાં આવે છે. જો તે પોતે હજી સતત અભ્યાસરત હોય તો પછી ભણતરની મર્યાદા કેટલી ગણાય ? જો આપણે ભણવા માટે તૈયાર હોઈએ તો આપણે માટે કંઈ જ બાકી રહેતું નથી. તમારે પુસ્તકો વાંચવાની પણ જરૂર નથી. જો તમારે જાણવું હોય તો 'પૂછો અને તે તમને મળશે' આખી કુદરત જ્ઞાનના ભંડાર સમી છે. તમારી આજુબાજુ જે કંઈ બની રહ્યું છે તેમાંથી મૂક બોધપાઠ મેળવો.

શ્રવણની સંપત્તિ બધી સંપત્તિઓ કરતાં ઉચ્ચ છે. હંમેશાં સાંભળો, તમને સાંભળવા માટે બનાવવામાં આવ્યા છે. તમને કાન બે પણ મોં એક જ આપ્યું છે તે તેની સાબિતી છે. ઓછું બોલો, સાંભળો વધુ. તમારે જો ફક્ત સાંભળી તેને ગ્રહણ કરવાનું હોત તો એક કાન પૂરતો થઈ પડત. પણ બે કાનને તમારા મસ્તકની બે બાજુએ મૂક્યા છે કારણ કે જે સંદેશ આવે ત્યારે તેના બે ભાગ પડી દરેક બાજુના કાનમાં જાય છે. આ બતાવે છે કે તમે જે સાંભળો છો તેને તમારે બરાબર સમજી, પૃથક્કરણ કરી પછી ગ્રાહ્ય કરવાનું છે. કાનમાં જે કંઈ આવે તેને પૂરું સમજ્યા વગર સાચું માનવાનું નથી. કાનને બંધ કરવા માટે દ્વાર નથી. બધા જ પ્રકારના અવાજ માટે તે ખુલ્લા હોય છે. પણ બોલવા માટે તમારે બે વાડો પસાર કરવાની હોય છે. મોંમાંથી એક શબ્દ બહાર નીકળે તે પહેલાં તેને દાંતની હારમાંથી અને બે હોઠ વચ્ચેથી પસાર થવું પડે છે. માટે શબ્દો બહાર કાઢો તે પહેલાં બરાબર વિચારો તેને સરળતાથી ગમે તેમ બહાર ન આવવા દો. જો બોલવું જ હોય તો બે વાર વિચાર કરો અને પછી બોલો.


આપણી સમજશક્તિ ઈન્દ્રિયો દ્વારા હોતી નથી, તે મન દ્વારા હોય છે. ફક્ત સાંભળવું પૂરતું નથી. તેને ધ્યાનપૂર્વક સમજવાની જરૂર છે. તેને કાન અને હૃદયથી ધ્યાનપૂર્વક સમજો. જો તેને ધ્યાનપૂર્વક સાંભળવામાં આવે તો પછી તેને લખી લેવાની જરૂર નથી. અંદરની બાજુ અનંત ટેપવાળું મોટું રેકોર્ડર ગોઠવેલું છે. જો તમે ધ્યાનપૂર્વક સાંભળ્યું હશે તો તે અક્ષરશઃ અંદર ટેપ થઈ જાય છે. આ વિચારો ભલે ખૂબ સાદા લાગે છતાં સમગ્ર જીવનની રચનામાં જરૂરી પાયાની ઈંટો છે. આ ઈંટો સિવાય, આધ્યાત્મિક ક્ષેત્રમાં કશું જ પ્રાપ્ત કરી શકાય નહીં. એકવાર દક્ષિણ ભારતના મહાન સંત માતા અવાયારે ઈશ્વરને બૂમ પાડીને કહ્યું : 'હે પ્રભુ, હું શું કરું છું તેની મને ખબર પડતી નથી. મેં ઘણાં પુસ્તકોમાંથી બધી જ વસ્તુને મારામાં ભરી દીધી છે અને તેનો પૂરો અભ્યાસ કર્યો છે. મારા શરીરની ચારે બાજુ મોંઢાં હોય

તેમ હું સતત બોલતી રહી છું. હું આમાંથી ક્યારે છૂટીશ અને મૌન થઈશ, શાંતિ પામીશ ?'

મૌન દ્વારા તમે તમારી અંદરના મૂક સાક્ષીનો અનુભવ કરી શકો છો. તે મૌન આત્મા કે સભાનતા છે. તમારી સભાનતા મૂક છે. તે તમને કંઈ જ કહેતી નથી. તે તમારી તરફ ફક્ત દૃષ્ટિ માંડીને બેઠેલી છે. તમે જે કંઈ સારું કે ખરાબ કરો, સાચું કે ખોટું કરો તે સાક્ષીભાવે જુએ છે. સાક્ષી કદી કેસમાં જોડાતો નથી અને બેમાંથી એકે તરફ જોડાતો નથી. ઈશ્વર આવો જ હોય છે અને તેનું સર્જન પણ આમ જ વર્તે છે. સૂર્ય એક સાક્ષી છે. જળ સાક્ષી છે. સાક્ષી હોય તે પૂરતું છે. તેની હાજરીમાં તમે કર્મ કરો છો. સદા સભાન એવા મૂક સાક્ષીને જાણવા માટે, જ્ઞાતાને જાણવા માટે, તમારે પ્રથમ તો તમારે બીજી વસ્તુઓને જાણવાનું બંધ કરવું જોઈએ. બીજી વસ્તુઓને પછીથી જાણજો. બાકી રહેલું આપમેળે જણાશે. આ ઉપરથી તમને બાઈબલના એક સુંદર વાક્યની યાદ આવશે : 'સૌથી પ્રથમ સ્વર્ગના રાજ્યને પ્રાપ્ત કરો, જેનાથી તમને પાછળથી બધું જ મળશે. જો તમે જ્ઞાતા (ઈશ્વર)ને જાણતા ન હો, પછી તમારી પાસે સમસ્ત વિશ્વ હોય તો તે વિશ્વ તમારે માટે નકામું જ છે. તમારી પાસેની સમગ્ર સંપત્તિ મોટા શૂન્ય સમાન છે. તેનું કંઈ જ મૂલ્ય નથી. એક ચેક લો તેની ઉપર કેટલાક શૂન્ય (૦) લખો ને કોઈને આપો. તે તે દ્વારા એક પૈસો પણ મેળવી શકશે નહીં. બે વધુ શૂન્ય ઉમેરો કંઈ જ ફેરફાર નહિ પડે. પણ જો તમે તે શૂન્યોની આગળ એક એકડો (૧) ઉમેરો તો એકડાની પછીના દરેક શૂન્યની કિંમત દસ ગણી થઈ જશે.'

પ્રથમ તો તમે કોણ છો તે જાણો. પછી બીજું જ્ઞાન ગુણાઈ જશે. તમારી શૂન્યોની આગળ એકડો (૧) રાખવાનું ભૂલશો નહિ. સમજો કે તમે તે છો. શાંત બનો અને આંતરિક જ્ઞાનને શોધો. મૌન તરફ ધ્યાન આપો. ઊંડા, ઊંડા મૌનનો અનુભવ કરો. જ્ઞાનની મર્યાદા ફક્ત મૌન છે. તે મૌનમાં તમારા સાચા સ્વભાવનો અનુભવ કરો. તે આત્માને વર્ણવવા માટે શબ્દો નથી. ઉપનિષદો કહે છે : તે ચૈતન્ય નથી. તે અચૈતન્ય નથી. તે બધા જ ચૈતન્યનો કુલ સરવાળો પણ નથી. તેને તમે વર્ણવી શકતા નથી. તેનું કોઈ ચિહ્ન નથી, સંજ્ઞા નથી. તે એક ઠેકાણે સ્થિત નથી. તે મૂળ પ્રકૃતિ-સત્ત્વાંગ છે.

'How to find Happiness'માંથી સાભાર અનુવાદ



**पुरिसा ! तुवमेव तुमं मित्तं, किं बहिया मित्तमिच्छसि ?**

## આચારાંગ સૂત્ર

### આચાર્ય વિજયરત્નસુંદરસૂરિજી

**ડાબા હાથે**

**સ્વસ્થ રહેવું હોય તો માત્ર જમણા હાથ સાથે જ**
**નહીં, શરીરનાં તમામ અંગોપાંગો સાથે એણે મૈત્રી**
**જ રાખવી પડે છે. અને ભૂલેચૂકે એ જો પોતાના**
**શરીરનાં અંગોપાંગો સાથે દુશ્મનાવટ કરીને અન્યના**
**શરીર સાથે મૈત્રી જમાવવા જાય છે તો એના લમણે**
**દુઃખો ઝીંકાયા વિના નથી જ રહેતાં.**

**પ્રભુ**

**આ જ સંદેશો આપણને આપવા માગે છે.**
**આત્મન્ ! તું જ તારો મિત્ર બની જા.**
**બહારના મિત્રોની ઈચ્છા શું કામ રાખે છે ?**
**ઉપશમ ભાવમાં રમતું ચિત્ત,**
**વાત્સલ્યભાવથી છલકાતું હૃદય,**
**સ્વરૂપ રમણતાનો આનંદ અનુભવતું ચિત્ત,**
**સમર્પણભાવથી વ્યાપ્ત દિલ,**
**આ તમામ સદ્ગુણોનું સ્વામિત્વ જો તારી પાસે છે**
**તો તું તારો મિત્ર છે અને જો**
**આ સદ્ગુણોને બદલે ક્રોધાદિ કષાયોનો અને**
**વિષયવાસનાનો તું શિકાર બન્યો છે**
**તો તું તારો દુશ્મન છે.**

## પ્રભુ !

**અમે અમારા મિત્ર બનીએ એવી સદ્બુદ્ધિ આપ અમારા અંતરમાં પ્રગટાવો, કારણ કે અમને બરાબર ખ્યાલ છે કે જે પોતાના આત્માનો મિત્ર બની જાય છે એને પછી આ જગતમાં કોઈનીય સાથે દુશ્મનાવટ ઊભી જ નથી રહેતી.**

'પ્રભુ વીર કહે છે' માંથી સાભાર

# દૈવી શક્તિના અવતરણનાં પરિણામો

શ્રી યોગેશ્વરજી

શ્રી રામકૃષ્ણ પરમહંસદેવની અવસ્થા એકદમ અનેરી હતી. ઈશ્વરને એ માતાતુલ્ય માનતા, અને માતૃભાવે જ ભજતા. એ ભાવમાં દિવસો સુધી ડૂબકી લગાવીને એમણે એ ઈશ્વરીશક્તિ જગદંબાનું દર્શન કર્યું હતું. એ શક્તિ એમને માટે કેવળ મનબુદ્ધિ અથવા ઈન્દ્રિયોથી અતીત અથવા અગમ્ય જ ન રહી હતી : સંસારમાં સર્વવ્યાપક થઈને શ્વાસ લેનારી એ શક્તિ એમના પ્રબળ પ્રેમથી પ્રાદુર્ભાવ પામીને એમની આગળ પ્રકટ થઈને દૃષ્ટિગોચર બની હતી. મન અને બુદ્ધિથી જ નહિ પરંતુ ચક્ષુ જેવી બીજી ઇન્દ્રિયોથી એનો રસાસ્વાદ લઈ શકાય એવી રીતે મૂર્ત બની હતી.

અને એટલું જ નહિ, પરંતુ એથી આગળ વધીને એ મહાપુરુષના જીવનમાં એ પરમશક્તિ જગદંબાએ એક બીજો અસાધારણ ચમત્કાર સર્જ્યો હતો. એ ચમત્કારની તમને માહિતી છે ? બનતાં લગી હશે જ. જગદંબાના સાક્ષાત્ દર્શનથી જ એ મહાપુરુષને તૃપ્તિ ન મળી : એથી એમનો આત્મા સંપૂર્ણપણે સંતુષ્ટ ન થયો : એ દર્શનને પરિણામે જગદંબા સાથેનો પ્રત્યક્ષ સંપર્ક તો એમને માટે સહજ બન્યો : પરંતુ એ સંપર્ક પછી જગદંબા તિરોધાન બન્યાં ત્યારે એમનો આત્મા આક્રંદ કરી ઊઠ્યો. એમને થયું કે જગદંબાએ કૃપા કરીને દર્શન તો આપ્યું, પરંતુ એ દર્શન તો ચપલાના ચમકારા જેવું ક્ષણજીવી અથવા અસ્થાયી થયું. એવું દર્શન શા કામનું ? એવા દર્શનથી સંપૂર્ણ શાંતિ કેવી રીતે સાંપડી શકે ? જગદંબાનું એ મનમોહન, મધુમય સ્વરૂપ વધારે કે ઓછા વખત લગી દૃષ્ટિ સમક્ષ રહેવાને બદલે જ્યારે આઠે પહોર લોચનની સામે હાજર રહે ત્યારે જ સંતોષ થાય. એ ભાવનાથી પ્રેરાઈને રામકૃષ્ણદેવે ફરી વાર તપવા ને પ્રાર્થવા માંડ્યું, અને એ ઉત્કટ પ્રાર્થના તથા તપશ્ચર્યાના ફળસ્વરૂપે જગદંબાની ફરી કૃપા થઈ. એ પછી તો એમના જીવનમાં એવો તબક્કો આવ્યો કે જ્યારે એમને અહર્નિશ જગદંબાના દર્શનનો લાભ મળવા માંડ્યો. જગદંબાનો એમના પર સંપૂર્ણ અનુગ્રહ થયો અને એને લીધે એ જ્યારે ધારે ત્યારે જગદંબાનું દર્શન કરી શકતા તથા ઈચ્છાનુસાર જગદંબાની સાથે વાતો કરી શકતા. જગદંબાનું અવતરણ એમના જીવનમાં કાયમને માટે થઈ ગયું.

ભારતમાં પરમાત્વતત્ત્વની સાથેના સતત અનુસંધાન અથવા તો પ્રત્યક્ષ સંપર્કની એવી ભૂમિકાની પ્રાપ્તિ ભાગ્યે જ કોઈ વિરલ મહાપુરુષને થઈ હશે. એ દૃષ્ટિએ જોતાં, રામકૃષ્ણદેવ એક અસાધારણ અપવાદરૂપ મહાપુરુષ હતા.

દૈવી પરમાત્મશક્તિનું અવતરણ એવી રીતે એક વાસ્તવિક વસ્તુ છે. એવા અવતરણની પૂર્વભૂમિકારૂપે હૃદયની ઊંડી શુદ્ધિ જોઈએ, લગન જોઈએ, સાધના જોઈએ અને એથી પણ અગત્યની વાત તો એ છે કે એ શક્તિની ઇચ્છા, તૈયારી કે કૃપા જોઈએ. એ સઘળી વસ્તુનો સુમેળ સધાય તો એ શક્તિનું અવતરણ શક્ય બની શકે ખરું. લૌકિક લાલસા, વાસના કે સ્વાર્થકામનાથી ભરેલા સાધકોને એ શક્તિના સાક્ષાત્કાર તેમ જ સતત સંપર્ક માટેની સાધનામાં સ્વપ્ને પણ સફળતા નથી મળતી.

એ શક્તિનો સાક્ષાત્કાર થયા પછી એની સાથે એવો અલૌકિક સંબંધ સ્થાપિત થાય છે કે એ શક્તિ આપણામાં આવિર્ભાવ પામીને ચોવીસે કલાક કામ કરે છે. આપણે તેને કામ કરતી જોઈ કે અનુભવી શકીએ છીએ. તે આપણે માટે સમાધિની પારના પ્રદેશમાં અનુભવવાની શક્તિ નથી રહેતી : જાગૃતિ દશાના પ્રત્યેક પાસામાં ને પ્રત્યેક પળ એનો સભાન સંપર્ક થયા કરે છે. આપણી અંદર રહીને એ જ લખે છે, બોલે છે, ને કાર્ય કરે છે. એની સાથેનો સંબંધ એકધારો, સદાકાળ અને સઘળા સંજોગોમાં ચાલુ રહે છે, ને કદી પણ તૂટતો નથી. મન ને બુદ્ધિથી પરના પ્રદેશમાંથી અવતરણ પામેલી એ શક્તિ ભગવતી ભાગીરથીની જેમ આપણા તન, મન ને અંતરને તથા આપણા અસ્તિત્વના પ્રત્યેક અણુપરમાણુને અનુપ્રાણિત અને પાવન તથા પ્રસન્ન ને મંગલમય કરતી બધે ફરી વળે છે. આ કોઈ કલ્પના, તરંગ કે હવાઈ વાત નથી, પરંતુ વિકાસની ઉચ્ચતમ અવસ્થા છે, વાસ્તવિકતા છે અને આધ્યાત્મિક ભૂમિકાની એક અતિ ઉજ્જ્વલ, અસાધારણ, યથાર્થ પરિસીમા છે. બુદ્ધિ કે કલ્પનાની સહાયતાથી તેને સમજી શકાય પરંતુ અનુભૂતિ વિના તેનું યથાર્થ રહસ્ય

કદી ન કળી શકાય.

એ પરમ શક્તિનું અવતરણ થવાથી તન ને મન અલૌકિક બની જાય છે અને અસાધારણ શક્તિથી સંપન્ન થાય છે. એ શક્તિનું અવતરણ થવાને લીધે જેમ સર્વજ્ઞપણું સહજ બને છે, તેમ સર્વશક્તિમાનપણું પણ પ્રાપ્ત થાય છે. સંક્ષેપમાં કહેવું હોય તો કહી શકાય કે માણસમાં એ પરમ શક્તિની બધી જ વિશેષતાઓ મૂર્તિમંત બનીને પ્રકટ થાય છે, અને એક રીતે જોતાં એ મહામહિમામયી પરમ શક્તિનું સજીવ સાકાર સ્વરૂપ જ બની જાય છે. એની એ અભિનવ, અદ્‌ભુત, અલૌકિક આવૃત્તિ થાય છે. સમસ્ત સંસારમાં એ દૈવી શક્તિનું અવતરણ શક્ય છે કે કેમ, અને એ દૈવી શક્તિના અવતરણને લીધે સમસ્ત સંસારને દૈવી બનાવવાની સંભાવના છે કે કેમ, એ વિષયને અળગો રાખીએ તોપણ એટલી વાત તો નિર્વિવાદ છે કે પરમ શક્તિ સાથે સતત સંપર્ક સાધી ચૂકેલા, પરમ શક્તિની પ્રતિમૂર્તિ જેવા એ મહામાનવની હયાતી જ આ સંસારને માટે આશીર્વાદરૂપ ઠરે છે, સુખકારક તથા શાંતિદાયક થઈ પડે છે અને પ્રેરણાત્મક ઠરે છે. સંસારને છે તે કરતાં દૈવી બનાવવામાં અથવા તો એની કાયાપલટ કરવામાં એવા મહામાનવની યોગ્યતા બહુ મોટો ભાગ ભજવે છે. એવા મહામાનવના સંકલ્પ, પ્રયાસ, માર્ગદર્શન તથા સેવાકર્મથી સંસારને અસાધારણ લાભ થાય એમાં સંદેહ નથી.

સંસારને આજે એવા દૈવી શક્તિશાળી મહામાનવની જરૂર છે. આધ્યાત્મિક ક્ષેત્રમાં એવા મહાપુરુષનો પ્રાદુર્ભાવ એક અદ્‌ભુત, અજોડ, વિક્રમરૂપ લેખાશે. સ્વાર્થ, શોષણ, હિંસા, સ્પર્ધા, ભેદભાવ તેમ જ અશાંતિથી આચ્છાદિત અવનીમાં એ અનેરી ક્રાંતિ કરશે, ને પ્રકાશ પાથરશે. સૃષ્ટિને માટે નવી આશા ઊભી થશે. એવા પૂર્ણ પુરુષનું પ્રાકટ્ય વહેલામાં વહેલું થાય ને અવનીને માટે અમૂલખ આશીર્વાદરૂપ બની જાય એમ આપણે અંતઃકરણપૂર્વક ઇચ્છીશું ને પ્રાર્થીશું.

માનવની શક્તિ કેવી અમર્યાદ બની શકે છે, અને માનવ કેવો સર્વોત્તમ વિકાસ કરી શકે છે, તેની કલ્પના આટલી વિચારણા પરથી સહેલાઈથી કરી શકાય છે. એટલે જ કહ્યું છે કે 'નર જો કરણી કરે, નરકા નારાયણ હોય.' પરંતુ નરમાંથી નારાયણ થવાની કરણી કેટલા કરે છે ? અરે, સાચા અર્થમાં આદર્શ નર થવાની કરણી પણ કેટલા કરે છે ? મોટા ભાગના લોકો તો આંખ મીંચીને જ જીવતા હોય છે. એમાં કેટલી બધી કરુણતા રહેલી છે એનો ખ્યાલ નથી આવતો શું ?'

'સાધના'માંથી સાભાર

## ઉત્સવ ત્રિવેણી તા. ૨૦-૪-૦૮ થી ૩-૫-૦૮

શિવાનંદ આશ્રમ અમદાવાદ ખાતે તા.૨૦-૪થી તા.૩-૫ સુધી ઉત્સવ ત્રિવેણી ઉજવાશે.

દરરોજ સવારે ૫-૩૦થી ૬-૩૦ પ્રાર્થના, ધ્યાન-જપ.

૯-૦૦થી ૧૧-૦૦ મૌન જપ

બપોરે ૪-૦૦થી ૫-૦૦ શ્રી સદ્‌ગુરુદેવ દર્શન પૂજ્યશ્રી ગુરુદેવની વિડિયો ફિલ્મનો સત્સંગ

સાંજે ૬-૦૦થી ૮-૩૦ સત્સંગ

**(i)** ૨૦-૪થી ૨૮-૪ સુધી પૂજ્ય નારણભાઈ દેસાઈ (શ્રી મહાદેવભાઈ દેસાઈના સુપુત્ર) દ્વારા ગાંધીકથા.

**(ii)** ૨૯-૪ શ્રીશ્રીશ્રી અષ્ટલક્ષ્મી ભવન અને શ્રી ચિદાનંદ ધ્યાન મંદિરનો સાતમો પાટોત્સવ.

સવારે ૭-૦૦થી ૯-૦૦ સામૂહિક શ્રીયંત્રપૂજા

સવારે ૯-૦૦થી ૬-૦૦ (સાંજે) નવચંડી યજ્ઞ

સાંજે ૭-૦૦ વાગ્યે શ્રીશ્રીશ્રી અષ્ટલક્ષ્મીભવનમાં મહાઆરતી.

૭-૩૦થી ૯-૦૦ સુધી ભંડારો-મહાપ્રસાદ

રાત્રે ૯-૩૦થી ૧૨-૦૦ આદરણીય પંડિતશ્રી કૃષ્ણકાંતભાઈ પરીખ અને પરીખ પરિવારનું ભક્તિસંગીત.

**(iii)** ૩૦-૪થી ૨-૫ સુધી સાંજે ૬-૦૦થી ૮-૩૦ શ્રીરામકથા પ્રવક્તા - શ્રી અજય યાજ્ઞિકજી (દિલ્હી) અરણ્યકાંડ, કિષ્કિંધાકાંડ, સુંદરકાંડ અને શ્રી રામેશ્વર સ્થાપના.

પૂજ્યપાદશ્રી સ્વામી અધ્યાત્માનંદજી મહારાજશ્રીનો ૬૪મો પ્રાકટ્યોત્સવ.

૫-૩૦ થી ૬-૩૦ ધ્યાન, પ્રાર્થના.

૭-૦૦ થી ૧૧-૦૦ રક્તદાન શિબિર

૯-૦૦ થી ૧૧-૩૦ આયુષ્ય હોમ

૧૨-૦૦ ભંડારો, નારાયણ સેવા

સાંજે ૬-૩૦ થી ૯-૦૦ વિશેષ ભક્તિસંગીત, સત્સંગસભા, સંતોના આશીર્વાદ. ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી મહામહિમ પંડિત શ્રી નવલકિશોર શર્માજી દ્વારા પુસ્તકોનું વિમોચન અને પ્રાસંગિક ઉદ્‌બોધન.

રાત્રે ૧૦-૦૦ થી ૦૧-૦૦ વિશિષ્ઠ સત્સંગ, પૂજ્યશ્રી સ્વામી અધ્યાત્માનંદજી મહારાજનું ઉદ્‌બોધન અને મહાનિશા ધ્યાન.

# મનાચે શ્લોક - મનોબોધ

- શ્રી સ્વામી અધ્યાત્માનંદજી

**વસે મેરુમાંદાર હે સૃષ્ટિમાલા**
**શશી સૂર્ય તારાંગણે મેઘમાળા ।**
**ચિરંજીવ કેલે જનીં દાસ દોન્હી**
**નુપેક્ષી કદા રામ દાસાભિમાની ॥ ૩૩ ॥**

ચંદ્ર, સૂર્ય તારાગણ અને મેઘમાળા જ્યાં સુધી રહેશે, ત્યાં સુધી પોતાના ભક્તો હનુમાન અને વિભીષણ એ બંનેને ચિરંજીવી બનાવ્યા છે. તેમાં કાળનું કશું ચાલવા દીધું નથી; માટે હે મન ! તું શ્રીરામને શરણે જા.

શ્રીમદ્‌ભગવદ્‌ગીતામાં રાજવિદ્યારાજગુહ્ય યોગમાં શ્રીકૃષ્ણ કહે છે,

**"અનન્યાશ્ચિન્તયન્તો માં યે જનાઃ પર્યુપાસતે ।**
**તેષાં નિત્યાભિયુક્તાનાં યોગક્ષેમં વહામ્યહમ્ ॥"**

(ગીતા : ૯-૨૨)

અનન્ય ભાવથી મારું ચિંતન કરનારા અને સતત મારી આરાધનામાં જોડાયેલા સાધકોના યોગ-ક્ષેમનું હું વહન કરું છું. શ્રીકૃષ્ણ પરમાત્માએ તો વચન આપ્યું છે કે;

**મય્યેવ મન આધત્સ્વ મયિ બુદ્ધિં નિવેશય ।**
**નિવસિષ્યસિ મય્યેવ અત ઊર્ધ્વં ન સંશયઃ ॥**

(ગીતા : ૧૨-૮)

તમારું મન મારામાં એકાગ્ર કરો, તમારી બુદ્ધિ પણ મારામાં જ સ્થિર કરો. ત્યાર બાદ તમો મારામાં જ નિવાસ કરશો, તેમાં કોઈ સંશય નથી.

આપણા પુનિત મહારાજે પણ ખૂબ જ અનુભવજન્ય સત્ય કહ્યું, 'એક ડગ ભરતાં દસ ડગ આવે શામળિયો સરકાર' અહીં આ મનોબોધમાં પણ સંતશ્રી રામદાસજી એ જ વસ્તુ વિષયની ચર્ચા કરે છે કે પ્રભુશ્રી રામચંદ્રે પોતાના ભક્તો શ્રી હનુમાનજી અને શ્રી વિભીષણજીને બંનેને ચિરંજીવી બનાવ્યા છે અને તે પણ 'આબ્રહ્મપર્યન્તમ્'નું અતિ વિશિષ્ટ બિરુદ આપ્યું છે. ત્યાં કાળનું કંઈ જ ચાલ્યું નથી.

ભક્ત પ્રત્યે પ્રભુની કરુણાનો પ્રસંગ એટલે શ્રી

**વસે મેરુમાંદાર આ સૃષ્ટિ લીલા**
**શશી સૂર્ય તારાગણો મેઘમાળા ।**
**કર્યા દાસ બેને ચિરંજીવી આંહીં,**
**નુપેક્ષે કદી રામ દાસાભિમાની ॥ ૩૩ ॥**

હનુમાનજી જ્યારે સીતામાતાના શુભ સમાચાર લઈને આવ્યા ત્યારનું મંગળમય દૃશ્ય. તુલસીજી કહે છે, 'પુનિ પુનિ કપિહિ ચિતવ સુરત્રાતા। લોચન નીર પુલક અતિ ગાતા... પ્રભુ કર પંકજ કપિ કેં સીસા સુમિરિ સો દસા મગન ગૌરીસા' શ્રી હનુમાનજીને સીતા સુધી લઈને આવતા જોઈને દેવતાઓના રક્ષક પ્રભુ સ્વયં વારંવાર હનુમાનજીને જુએ છે. તેમના નેત્રોમાં પ્રેમાશ્રુઓનું જળ ભર્યું છે અને શરીર અત્યંત પુલકિત છે... અને હનુમાનજીએ જ્યારે દીનભાવથી પોતાનું મસ્તક જ્યારે પ્રભુશ્રી રામના શ્રીચરણોમાં મૂક્યું ત્યારે પ્રભુ શ્રી રામચંદ્રજીએ પોતાનો વરદ હસ્ત શ્રી હનુમાનજીનાં મસ્તક ઉપર મૂક્યો છે, આમ આ પ્રભુનો કરકમળ શ્રી આંજનેયના મસ્તક પર ફરતો જોઈને તે દિવ્ય દર્શન કરતાં, તેનું વારંવાર સ્મરણ કરતાં શિવજી પ્રેમમગ્ન થઈ ગયા છે.

અહીં ભગવાન સ્વયં ભક્ત બન્યા છે. મારુતિને નિરખીને તેમનાં નેત્રો વારંવાર ઢળી પડે છે. તેઓને પ્રત્યેક ક્ષણે શ્રી હનુમાનજીનું નૂતન જ દર્શન થાય છે. આંજનેયનાં અતુલ પરાક્રમ અને સુકુમાર સેવાભાવ પ્રભુનાં મનશ્ચક્ષુઓ સમક્ષ તરવરી ઊઠ્યો છે. શ્રીરામજીએ લક્ષ્મણ પાસે કબૂલ કર્યું છે, 'કપીસે ઉઋણ હમ હોઈ નાંહી' આ વાનરનો કર્જો આપણે ચૂકવી શકીએ તેમ નથી. સંત રામદાસજીનું કથન ગ્રહ નક્ષત્રોથી પણ 'અયં વિશેષઃ' એવા આ ભક્તોનું ગૌરવ છે.

મૂળ આવશ્યકતા શરણાગતિની છે. શરણાગતિ ત્યાં સુધી ન સંભવી શકે જ્યાં સુધી અહં અને મમકારનાં બંધન હોય, તેને નિર્મૂળ કરવાનું એકમાત્ર સાધન 'નુપેક્ષે કદી રામ દાસાભિમાની' શ્રીરામ તેના દાસની

કદી અવગણના કરતા જ નથી, તે જ માત્ર છે.

ગીતામાં શ્રીકૃષ્ણે સ્પષ્ટ વચન આપ્યું છે,

**મન્મના ભવ મદ્‌ભક્તો મદ્યાજી માં નમસ્કુરુ ।**
**મામેવૈષ્યસિ સત્યં તે પ્રતિજાને પ્રિયોઽસિમે ॥**

(ગીતા : ૧૮-૬૫)

**ઉપેક્ષા કદા રામરૂપીં અસેના**
**જિવાં માનવાં નિશ્ચયે તો વસેના ।**
**શિરીં ભાર વાહેન બોલે પુરાણીં**
**નુપેક્ષી કદા રામ દાસાભિમાની ॥ ૩૪ ॥**

શ્રીરામ કદીયે ભક્તોની ઉપેક્ષા કરતા નથી; પરંતુ મનુષ્યને આ બાબતમાં નિશ્ચય નથી - ભરોસો નથી. 'યોગક્ષેમં વહામ્યહમ્' હું ભક્તોનો યોગક્ષેમ વહન કરું છું; તેમનો સર્વ ભાર મારે શિરે ધારણ કરું છું. આ પ્રમાણે પુરાણોમાં શ્રીરામે અનેક વાર વચનો કહેલાં છે.

આપણી સમક્ષ વિભીષણનું દૃષ્ટાંત સ્પષ્ટ છે. તે રાવણનો ભાઈ છે. લંકાનું વિશાળ સામ્રાજ્ય, વૈભવ અને સંબંધોનો ત્યાગ કરીને શ્રીરામની શરણાગતિ સ્વીકારે છે. 'સર્વધર્માન્ પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ' પ્રભુનું વચન છે. અને તેથી જ શત્રુનો ભાઈ હોવા છતાં તેનામાં શંકા રાખ્યા વગર પ્રભુ તેને આલિંગન આપે છે, હૃદયે ચાંપે છે, પોતાનો કરીને સ્થાપે છે. એણે માત્ર રાવણનો જ નહીં પરંતુ સમગ્ર પ્રિય પરિવારનો ત્યાગ કરીને સંપૂર્ણપણે અપરિચિતોની વચ્ચે ચાલ્યા જવામાં પણ સંકોચ કર્યો નથી... કુળને તજીયે કુટુંબને તજીયે તજીયે મા અને બાપ; જેમ ત્યજે કંચુકી સાપ... નારાયણનું નામ જ લેતાં વારે તેને તજીયે રે...નું તાદૃશ ઉદાહરણ વિભીષણ છે. અને તેથી જ પ્રભુએ તેને પરમપદ આપ્યું.

**જાતિ પાઁતિ ધન ધરમ બડાઈ । પ્રિય-પરિવાર સદન સુખદાઈ ॥**
**સબતજી તુમ્હહિં રહહિં ઉર લાઈ । તેહિ કે હૃદય બસહુ રઘુરાઈ ॥**

આ લક્ષણો વિભીષણમાં સંપૂર્ણપણે વિદ્યમાન છે, જેની ચર્ચા સંત રામદાસજી કરે છે કે શ્રીરામ તો કદીયે ઉપેક્ષા કરતા જ નથી. દુર્ભાગ્ય તો માનવ જાતિનું છે કે આપણે શ્રીરામમાં શ્રદ્ધા નથી. વિશ્વાસ નથી. પૂજ્ય બાપુજી મહાત્મા ગાંધીજી સદા કહેતા કે 'મેં કદીયે અનુભવ્યું નથી કે મારી પ્રાર્થનાનો જવાબ ઈશ્વરે કદીયે આપ્યો ન હોય.' પ્રત્યેક પ્રાર્થનાનો જવાબ મોડો કે વહેલો મળતો જ હોય છે. એક વાર આપણે કહી દઈએ કે 'હે નાથ હું તારો જ છું અને તું પણ મારો જ છે, બસ તારી જ ઇચ્છા પ્રમાણે થાઓ.' માટે જ વૈષ્ણવો પણ સદા ગાયન કરે છે, 'દૃઢ ઈન ચરનનકો ભરોસો દૃઢ ઈન ચરનનકો ચેરો.' અને તેથી જ તો સંતોએ ગાયું છે... હરિને ભજતાં હજુ કોઈની લાજ જતાં નથી જાણી રે, જેની સુરતા શામળિયાની સાથ વદે વેદ વાણી રે... ૐ શાંતિ.

ભગવાન કહે છે, 'મન મારામાં સ્થિર કરો. મારા ભક્ત થઈ જાઓ. મારે માટે જ કર્મ કરો. મને પ્રણામ કરો. તમો મારા થઈને રહેશો. હું આપને સત્ય વચન આપું છું, કારણ કે તમો મારા પ્રિય થઈને રહ્યા છો.'

**ઉપેક્ષા કદીયે નથી રામ ને તો,**
**પરંતુ ન નિશ્ચે થતો લોક ઉરે;**
**શિરે ભાર વાહીશ પુરાણવાણી,**
**નુપેક્ષે કદી રામ દાસાભિમાની ॥ ૩૪ ॥**

## ઉનાળુ વેકેશન

### બાળકોની આવાસીય વ્યક્તિત્વ વિકાસ શિબિર

(૧) તા.૫-૫-ની સવારે નવ વાગ્યા સુધી શિવાનંદ આશ્રમ પહોંચી જવાનું રહેશે. (૨) ૯-૫ની રાત્રે બાળકોને પાછા લઈ જવાના રહેશે. (૩) બાળકોની ઉંમર ૮થી ૧૨ વર્ષની વચ્ચે હોવી જરૂરી છે. (૪) આ શિબિર વ્યક્તિત્વ વિકાસની હોઈ આ પાંચ દિવસમાં વચ્ચે વાલીઓએ મળવા આવવું નહીં, ફોન વગેરે કરવા નહીં. (૫) રૂા. ૧૦૦૦/- ન્યોચ્છાવર જમા કરાવીને તા.૩૦-૪-૦૮ પૂર્વે ફોર્મ ભરીને નોંધાવવું જરૂરી છે. (ફોર્મ મેળવવા માટે www.divyajivan.org) સંપર્ક મંત્રીશ્રી, શિવાનંદ આશ્રમ, જોધપુર ટેકરી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન : ૦૭૯-૨૬૮૬૧૨૩૪, ૨૬૮૬૨૩૪૫.

# ઉપદેશામૃત-૪

શ્રી રણછોડદાસજી મહારાજ

**બ્રહ્મ અને મહાશક્તિ**

પૂજ્યશ્રી ઘણીવાર સમજાવતા કે બ્રહ્મ અને મહાશક્તિ બંને અભિન્ન છે. એ મહાશક્તિ જ બ્રહ્માને જગતનું સર્જન કરવાની, વિષ્ણુને તેનું પાલન કરવાની અને મહેશ્વરને તેનો વિનાશ કરવાની શક્તિ આપે છે. આ મહાશક્તિ જગતના પંચ તત્ત્વો - પૃથ્વી, જળ, વાયુ, અગ્નિ અને તેજમાં સર્વવ્યાપી સ્વરૂપે રહેલી છે, જેથી તે કોઈ એક વ્યક્તિની માલિકીની ન બની શકે. મહાશક્તિ ભગવાનની જેના પર કૃપા ઉતરે એ વ્યક્તિ પાસે જાય.

ઉપાસકો બે પ્રકારના હોય છે (૧) આધિભૌતિક એટલે આસુરી વૃત્તિવાળા અને (૨) આધ્યાત્મિક એટલે દૈવી વૃત્તિવાળા. તેમને અનુક્રમે વિજ્ઞાની અને યોગી તરીકે પણ ઓળખી શકાય.

વિજ્ઞાની અનુમાન અને કલ્પનાનો આધાર લઈને, પદાર્થ સાથે તત્ત્વોનું મિશ્રણ કરીને દૈવી પ્રેરણા દ્વારા એ મિશ્રણમાંથી શક્તિના એક અંશને પ્રગટ કરે છે. 'જેની પાસે શક્તિ એ એનો સ્વામી' આવી જાતની મનોવૃત્તિ વિજ્ઞાનીઓ મહદ્ અંશે ધરાવતા હોય છે તેથી એ લોકો શક્તિનો મનમાન્યો ઉપયોગ કરવાની નેમ રાખે છે અને શક્તિના સ્વામીત્વની એ અહં વૃત્તિ દ્વારા જગતને સત્તા અને ભયથી વશ કરવા ઇચ્છે છે.

યોગીઓ પણ એ જ અનુમાન અને કલ્પનાનો આશ્રય લઈને એકાગ્રતાપૂર્વક સાધના અને ક્રિયાઓ દ્વારા, મંત્રોની સહાય વડે પંચતત્ત્વોનું સંશોધન અને ભેદન કરે છે. તેમાં સફળતા મળતાં પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને તેજ એને વશ વર્તે છે.

સિદ્ધયોગી જરૂર પડતાં આ તત્ત્વોમાંથી શક્તિનું શોષણ પણ કરી શકે છે. આ ઉપરાંત તે સૂર્યમાંથી અને વનસ્પતિમાંથી પણ ક્રિયાઓ દ્વારા શક્તિને ખેંચી શકે છે.

સાચા સંતપુરુષો યોગજગતમાં ઈશ્વરી કૃપા જે સહજ રીતે પ્રાપ્ત કરેલી આ શક્તિનો 'મા' તરીકે સ્વીકાર કરીને, જનકલ્યાણાર્થે તેનો ઉપયોગ કરવાની સદ્ભાવના રાખે છે. અસહાય તથા દુઃખી માનવ તેમની છત્રછાયા નીચે આનંદ અને સુખ મેળવે છે અને તેના યત્કિંચિત્ બદલા તરીકે એ પરમ યોગેશ્વરને સર્વસ્વ આપવા ઇચ્છે છે.

આ રીતે પ્રાપ્ત થયેલ શક્તિ વિજ્ઞાનજગતમાં 'આવિષ્કાર' અને યોગજગતમાં 'સિદ્ધિ' તરીકે ઓળખાય છે.

જગતનાં આ પંચ તત્ત્વો માનવશરીરની પાંચેય જ્ઞાનેન્દ્રિયોમાં રહેલાં છે. એટલે જ આ પંચતત્ત્વો જેમને વશ વર્તે તેવા યોગીઓનું શરીર પણ એમને આધીન રહે છે. આવા યોગીઓ તેઓ ધારે તો પોતાના શરીરમાંના તત્ત્વોમાં ફેરફાર કરી નાખીને પરમાણુઓને એવા સ્વરૂપમાં ગોઠવી દે છે કે તેમની ઇચ્છા વિરુદ્ધ થઈને માંદગી તો શું પણ મૃત્યુ સુદ્ધાં તેમની પાસે ન આવી શકે.

**મને સાંભળો અને તે પ્રમાણે આચરો**

તમે બધાં ભક્તિભાવથી પુષ્પમાળા મને પહેરાવો છો, પરંતુ ભાવનાની પૂર્તિ તો ફક્ત એક પુષ્પથી પણ થઈ શકે છે. માળાઓમાં ખોટા પૈસા ન ખરચતાં તે પૈસાથી કોઈ ખાદ્યસામગ્રી ખરીદીને કોઈ ભૂખ્યા મનુષ્યને ખવરાવો તો તેનો અંતરાત્મા ખૂબ સંતોષ પામશે. આજથી કોઈ પણ પુષ્પોનો વ્યર્થ વ્યય ન કરે.

આપ લોકો મને શાંતિપૂર્વક સાંભળી રહ્યા છો, પણ સાંભળ્યા પછી મનન કરીને બધું આચરણમાં મૂકો છો કે કેમ ? એક કાનથી સાંભળીને બીજા કાને કાઢી નાખતા તો નથીને ? સદ્બોધ જો આચરણમાં નહિ ઉતારો તો મારું બોલવું અને આપનું સાંભળવું નકામાં જશે.

મારી પાસે આવીને સત્ત્વગુણને ગ્રહણ કરવાને બદલે આપ આપના રજોગુણમાં અમને સાધુઓને ખેંચો છો. આ શાલ દુશાલા, ગાદી-તકિયા, મોટરમાં ફેરવવાનું. આ બધાનો એવો અર્થ થયો કે આપ

લોકસેવાના નામથી આપની ઇચ્છાનુસાર ચલાવવા માટે અમને મજબૂર કરી અમારા ગુરુ બનો છો.

હું ઘણાં વર્ષોથી રાજકોટ આવું છું. પહેલાં જ્યારે આવતો ત્યારે નદીકિનારે ગમે ત્યાં પડ્યો રહેતો અને મરજી પ્રમાણે પાછો જતો રહેતો. કોઈ રોકનારું ન હતું. પરંતુ જ્યારથી શિષ્ય પરિવાર વધ્યો છે ત્યારથી ઝંઝટ પણ વધી ગઈ છે.

મારું અહીં રહેવાનું ત્યારે જ સાર્થક ગણાય જ્યારે આપ બધાં મારા ઉપદેશને ગ્રહણ કરી આચરણમાં મૂકવાનો પ્રયત્ન કરો. નહિ તો આધ્યાત્મિક માર્ગમાં આગળ વધી શકશો નહિ અને મારો શ્રમ વ્યર્થ થશે.

માનાપમાનનું કારણ આપણું મન જ છે. જો મનથી માનાપમાન માનવામાં ન આવે તો સુખ-દુઃખ હોતાં જ નથી. આ વિષયને સ્પષ્ટ કરવા માટે સ્વાનુભવનું એક દૃષ્ટાંત આપું છું.

કાલ રાત્રિની ટ્રેનમાં હું આવ્યો. અડધી રાતે આપને આવવું ન પડે તે માટે કોઈ સમાચાર આપ્યા ન હતા. રાત્રે લગભગ બે વાગે હું આશ્રમ પર આવ્યો. મુખ્ય દ્વાર બંધ હતું અને ચોકીદાર પાસે જ સૂઈ રહ્યો હતો. તેને કષ્ટ ન આપવાના વિચારથી હું પાછલા દરવાજા તરફ જઈ રહ્યો હતો એટલામાં ચોકીદાર જાગ્યો અને બૂમ પાડી : 'અરે મહારાજ, અંદર કેમ આવો છો, બહાર જાઓ.'

મેં વિચાર્યું કે તે મને ઓળખતો લાગતો નથી અને તે પોતાની ફરજ બજાવે છે. વળી પાછો બધાને દોડાદોડી કરાવશે તે ઠીક નહિ તેમ માની હું બહાર નીકળી વાઘજી આશ્રમના વૃક્ષ નીચે જઈ ચૂપચાપ શાલ ઓઢી સૂઈ ગયો.

જો મેં અપમાન સમજીને દુઃખ લગાડ્યું હોત તો મારું અને તેનું મન અશાંત થઈ જાત. આમ શાંતિપૂર્વક સંજોગો પર વિચાર કરીએ તો મનમાં દુઃખ ઉત્પન્ન થાય નહિ. મનને સ્થિર રાખીને વિચાર કરવો જોઈએ.

ચોકીદારને પછી એમ લાગ્યું કે હું નવો છું. બાપજી તો નહિ હોય ? તેણે વૃક્ષ નીચે સૂતેલા પૂજ્યશ્રીનાં ચરણોમાં પડીને તેમની માફી માંગી.

સંકલયિતા : દમયંતીબહેન વાલજી સેજપાલ

## ''શ્રી વિષ્ણુ સ્વરૂપ માધુરીનું ચિંતન''

- ડૉ. કલાબેન પટેલ

શંખ ચક્ર ગદા પદ્મ, ચતુર્ભુજ ચિહ્નોથી યુક્ત,
સુંદર અરૂણસમ શોભિત, પીળાં પિતાંબર પરિવેષ્ટિત,
ચિંતનમનનશીલ ભક્તોનું, જે હરે તિમિર અજ્ઞાન,
એ વિષ્ણુના ચરણસરોજનું, મનથી નિત્ય કરી લે ધ્યાન...ધૃ.

વક્ષસ્થલે ચમકી રહ્યો છે, કૌસ્તુભમણિથી યુક્ત હાર.
શુભ્રહારની કિરણાવલીથી, ગૌરવર્ણી શોભા અપાર.
દેવો મુનિ ને સાધુભક્તો, કરતાં સુખદાયક દર્શન...એ વિષ્ણુના.

નયનકમલ અતિ સુખદાયક, સુંદર શોભિત વિષ્ણુમુખ,
વનમાલા ધારણ કરી કંઠ, નખ શશિકિરણ સમયુક્ત,
જ્ઞાનધામ ગરુડ વાહન, શ્રીલક્ષ્મીજી સાથે સંગાથ...એ વિષ્ણુના.

નાભિકૂપ સૌંદર્ય નિધાન, બ્રહ્માનું તે ઉત્પત્તિ સ્થાન,
મહા પટરાણી લક્ષ્મીમાત, નિજ ગોદમાં છે ધારણ.
કમલ લોચન દેવ વંદિતા, સર્વ કરે હૃદયથી પ્યાર... એ વિષ્ણુના.

સ્વર્ગ ધામે ગંગાની લહેરો, ચરણ પખાળે અતિ આદર,
વિષ્ણુ ચરણથી ચરણામૃત બની, અતિ પાવન ભાગિરથી ઉદાર,
ભોળા શિવ બને પરમશિવ, ગંગાજળની મસ્તકે ધાર... એ વિષ્ણુના.

ધ્યાતાઓના પહાડસમ પાપ, જે કોઈ હોયે વજ્રસમાન,
હરિ હરી લે કૃપાનિધાન, જાણી લે તું તેનું જ્ઞાન.
અખિલ જગતના કર્તા, ભર્તા, અવિનાશી એ પૂર્ણસ્વરૂપ... એ વિષ્ણુના.

અસંગ અદ્વિતીય એક સ્વરૂપ, નિર્ગુણ ને વળી નિરાકાર,
કિન્તુ સર્વ જગ તારણહાર, તેથી તારા નામ અપાર.
અનંત નામે કરુણાનિધાન, જેનો વર્ણવતાં ન આવે પાર... એ વિષ્ણુના.

વ્યાપક રૂપે તારું દર્શન થાતાં, ભવ સંસાર થઈ જાય મિથ્યા,
આવન જાવન માટે સદા, એ મારે મન મહા મહિમા.
તારી કૃપા ને તારું શરણ હો ! તવકૃપાથી મમ વિક્ષેપ ટળો.
સર્વ વ્યાપકશ્રી વિષ્ણુસ્વરૂપે, મમ અંતરે સદા રહો...

ૐ તત્ સત્

# પુનર્જન્મ

શ્રી મોટા

જીવદશાવાળાના મૃત્યુ પછી એનું સૂક્ષ્મ શરીર પૃથ્વીના વાતાવરણમાં રહે. પૃથ્વીના વાતાવરણથી પાંચસાત માઈલ સુધીના વિસ્તારમાં એ રહે. અનુભવીનું સૂક્ષ્મ શરીર જુદા પ્રકારનું. જીવદશાવાળા સૂક્ષ્મ શરીરને ફરીથી અવતરવાનું હોય એટલે એ પૃથ્વીના વાતાવરણમાં રહે. યથાકાળે એ વાગોળતાં વાગોળતાં અટકે ત્યારે એ જન્મ લે છે. એ વાગોળવાનું કેટલો વખત ચાલે એનું કંઈ નિશ્ચિત ધોરણ નથી. અનેક જન્મોનાં કરેલાં કર્મોનું વાગોળવાનું ત્યાં પૃથ્વીના વાતાવરણના અવકાશમાં બને છે.

જે ભૂત થાય છે એનું કારણ છે. અત્યંત આવેગવાળી કોઈ ડીઝાયર (=ઈચ્છા) હોય અથવા તો કોઈ માણસ આપઘાત કરે છે-આવા આવેગને કારણે એ ઝેર-બેર પી લે છે-પણ પીધા પછી શરીર છોડતી વખતે એનાં મનાદિની જે સ્થિતિ થાય છે એ બહુ ભયંકર હોય છે. એ દશાને કારણે એ પ્રેત થાય છે. પ્રેતનો એવો સ્વભાવ છે કે જીવદશામાં જેના પરત્વે એને દંશ રહ્યો છે-તે દંશ જતો નથી-કાયમ રહે છે. પછી તેને કોઈને કોઈ રીતે હેરાન કરે છે. એને વાગોળવાનું નહિ થાય-બિલકુલ નહિ.

એ લોકોનો ઉદ્ધાર એની મેળે વખત આવતાં થાય છે. કેટલાંકને ઘણો કાળ લાગે. મારા જીવન સાથે સંકળાયેલા એવા બે કિસ્સા બનેલા. એક તો આ નંદુભાઈની પેઢીમાં એક નોકર હતો. દક્ષિણમાં એક ઠેકાણે ધોધ પડે છે, તે નંદુભાઈના ભાઈ ને બીજાં બધાં આનંદ કરવા ત્યાં ફરવા ગયેલા. એ માણસ કહે કે ધોધની છેક નીચે કૂવો છે. એમાં આ છોકરાને લઈને જઉં ને તરીને બહાર નીકળું. મેં કહ્યું, 'અલ્યા, મરવું છે ? બૈરાં છોકરાં છે કે નહિ ? લાવ.' એમ કરીને મેં એ છોકરાને લઈ લીધો. પછી એ તો પેલા વહેરા પાસે આમતેમ ફરવા લાગ્યો. અમે કહ્યું કે, 'ભઈ, તું આવતો રહે. આ લીલ બાઝેલી છે, અને લપસીશ તો પડીશ.'-આમ બોલીએ છીએ ત્યાં તો એ પડ્યો. અને મરી ગયો. એ ભૂત થયેલો. એના મનમાં એમ કે, 'મોટાએ કેમ મને ઉગાર્યો નહિ ?' મને એટલા બધા ધક્કા મારે ! શરૂઆતમાં તો મને સમજણ ના પડી. જ્યાં ત્યાં ધક્કા મારે ને હું પડી જઉં. મને વાગે પણ ખરું. નંદલાલના મામાએ મને પડી જતો જોયેલો. પાછળથી સૂસાટાબંધ પવન વાતો હોય એવું લાગે. મને થતું કે 'આ શું થાય છે ?' પછી એક વખત મેં ધ્યાનમાં બેસીને જોયું ત્યારે મને સમજણ પડી. અત્યારે તો મારે ધ્યાનમાં બેસવાનીય જરૂર ન પડે. પણ ત્યારે મારે ધ્યાનમાં બેસવું પડતું. પછી અમારા મૌનમંદિરના ઓરડામાં એ પ્રેતને રાખેલો. પછી એની સારી દશા થઈ ગઈ.

બીજો એક કિસ્સો મુંબઈમાં બનેલો. એક સ્વજનની દીકરી એમ.એસસી. થયેલી. કોઈના પ્રેમમાં હતી. એના બાપે બીજે ઠેકાણે વિવાહ કરેલો. એ છોકરી ભણેલીગણેલી. બીજા સાથે એને બનત નહિ. એ છોકરા સાથે એવું નક્કી કરેલું કે પરણાય એવી સ્થિતિ નથી. માટે હવે મરી જવું. પોતે એમ.એસસી. થયેલી એટલે શું ખાતાં તરત જ મરી જવાય એ જાણે. પેલાને પડીકું આપ્યું. છોકરી ખાઈ ગઈ. પણ પેલા છોકરાને નંદલાલે સમજાવીને વારેલો. એટલે એ બચી ગયેલો.

આ છોકરી પ્રેત થયેલી. મારે ને એમને ઘરોબો ખરો. મેં એના બાપને કહ્યું કે, 'હું સંભાળી લઈશ.' ઘણી વખત સુરતના આશ્રમમાં રાત્રે અવાજો કરે. એ વખતે ડાહીબહેન મારી સાથે રહેતાં હતાં. ડાહીબહેને એ અવાજો સાંભળેલા. મેં એમને નહિ કહેલું કે આ પ્રેતના અવાજો છે. નહિતર એ ગભરાય. મને એણે બીવડાવવાના ઘણા પ્રયત્ન કરેલા. પછી ઠેકાણે આવી ગયેલી.

આમાં બળાત્કાર ના ચાલે-ભાવનો પણ બળાત્કાર ના જોઈએ. ધીમે ધીમે કરીને કામ સધાય છે. પછી તો એનો હવન પણ મારે કરવો પડેલો. અડદ અને સાત જાતના લોટ લેવા પડેલા અને મનુષ્યના આકારનું એનું પૂતળું બનાવેલું અને હવન કરીને એને હવનમાં હોમવાનું. એમાં ઘી હોમવાનું, એટલે પૂરેપૂરું બળી શકે. મંત્રોચ્ચાર કરીને એને બાળવાનું. એટલે પેલાની મુક્તિ થાય. આવી પ્રોસેસ હું કંઈ જાણું નહિ, પણ મને

એવી પ્રેરણા થાય. એ પ્રમાણે હું કરું.

પ્રેત એટલે 'એબ્રપ્ટ સ્ટેઈન ઑફ સ્ટ્રૉંગ ડિઝાયર'- અથવા તો કોઈ જીવ હોય, એને પોતાના બૈરી-છોકરાં, વેપારધંધો વગેરે માટે ઘણો મોહ હોય. માલમિલકત વગેરે પર પુષ્કળ આસક્તિ હોય. એવાને અકાળે મરવાનું થાય એ એને બહુ કારમું લાગે. તો પણ એ પ્રેત થાય.

એટલે ઉંમર થાય તેમ માણસે ધીમે ધીમે આ સંસારમાંથી આસક્તિ ઓછામાં ઓછી કરતા જવું એ એના પોતાના માટે સારું છે.

સાયલાના દરબારને કોઈક કારણથી એવું થયેલું કે એ ખાય ત્યારે નરકની જ વાસ આવે. ફળ ખાય તોય નરકની વાસ આવે. એટલે ખાઈ જ ના શકે. બહુ ત્રાસી ગયો. બહુ ઉપાય કર્યા કશાથી મટ્યું નહિ, ત્યારે સાયલામાં લાલા ભગત પાસે તે દરબાર ગયા. એમણે આ મુશ્કેલી દૂર કરી. પછી ગામમાં દરબારે એમને જગા આપી, પૈસા આપ્યા. પછી લાલા ભગતે એક મંદિર બાંધ્યું. આજેય સાયલામાં લાલા ભગતની જગા છે.

પ્રેત એક વિશિષ્ટ મિડિયમમાં પ્રવેશીને ભોગવે છે. એ ભોગવ્યા પછી એનો નવો જન્મ થવાની શક્યતા ઊભી થાય. પણ ભોગવવાથી જીવને સંતોષ ના થાય. આપણા કરતાં એની ભોગવવાની તૃષ્ણા બહુ જબરી- ઈન્ટેન્સીટીવાળી. આપણામાં જે ઈચ્છા તૃષ્ણા થાય તે જળ અને પૃથ્વીતત્ત્વને લીધે ટૂંકાઈ જાય છે, એની માત્રા ઓછી થાય, જ્યારે પેલાને જળ અને પૃથ્વી તત્ત્વ છે નહિ. એટલે તૃષ્ણા એટલી બધી વધે કે જેની કોઈ સીમા નહિ.

એ વખતે પેલો માણસ હરિસ્મરણ કરે તો પેલા પ્રેતની તૃષ્ણા પૂરી ન થાય તો પણ એણે જતા રહેવું પડે. એનું કારણ એ છે કે એનું વિશિષ્ટ મિડિયમ રહે નહિ. એની ભૂમિકા બદલાઈ જાય. એટલે એનાથી ન રહી શકાય. જેનામાં એ આવ્યો હોય એણે હરિસ્મરણ કર્યું, એથી એને જતા રહેવાનું થાય, તો તેથી કરીને પેલા જીવને કંઈ નુકસાન ન થાય. ઊલટું સારું થાય. ભગવાનનું નામ લેતો થયો હોય તો એની ભૂમિકા બદલાઈ. પેલો પ્રેત એનું કંઈ બગાડી ન શકે.

'વસંતે બહાર'માંથી સાભાર

## ૧૫મો યોગશિક્ષક તાલીમ શિબિર તા. ૧૧ મેથી ૩૦ મે, ૨૦૦૮

(૧) જેમને યોગાસનો આવડતાં હોય, નિયમિત કરતા હોય અને બીજા લોકોને વૈજ્ઞાનિક પદ્ધતિસર શિખવવામાં રુચિ હોય, જેમનું વય ૨૦થી વધુ હોય ૬૦થી ઓછું હોય - અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ અપાશે, તે માટેની તૈયારી હોય, ગ્રેજ્યુએટ થયેલા હોય, તેઓ સૌ આ આવાસીય યોગશિક્ષણ-શિક્ષક તાલીમ શિબિરમાં જોડાઈ શકે છે.

(૨) તા.૧૦મી મેની સાંજે શિવાનંદ આશ્રમ અમદાવાદ પહોંચી જવાનું રહેશે.

(૩) તા.૩૦મી મેની સાંજે પૂર્ણાહુતિ પછી જઈ શકાશે.

(૪) યોગાસનો, પ્રાણાયામ, ક્રિયા, મુદ્રા, બંધ, ઉપરાંત શરીરવિજ્ઞાન અને આરોગ્ય શાસ્ત્રમાં કાર્ડિયોલોજીસ્ટ, ઓર્થોપેડિક સર્જન, ડાયાબિટોલોજીસ્ટ, પેથોલોજીસ્ટ, ગાયનેકોલોજીસ્ટ, ડાયેટીશિયન, ફિઝિશિયન, મેનેજમેન્ટ એક્ષપર્ટ, પાતંજલ યોગદર્શન, ગીતા, રૈકી વગેરેનું પ્રશિક્ષણ દરરોજ અધિકારી શિક્ષકો દ્વારા આપવામાં આવશે. તેની લેખિત-પ્રેક્ટિકલ પરીક્ષાઓ થશે. પ્રશિક્ષણને અંતે ગુજરાત યુનિવર્સિટીને માન્ય પ્રમાણપત્ર આપવામાં આવશે.

(૫) રહેવા, અભ્યાસક્રમ અને ભોજન પેટે રૂા.૬૦૦૦/- આપવાના રહેશે. તે જમા કરાવીને તા.૩૦મી એપ્રિલ ૨૦૦૮ પહેલાં રજીસ્ટ્રેશન કરાવી લેવું જરૂરી રહેશે. પ્રવેશપત્ર વેબસાઈટ પરથી મેળવી લેવું. www.divyajivan.org સંપર્ક સેક્રેટરી, શિવાનંદ આશ્રમ, જોધપુર ટેકરી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન : ૦૭૯-૨૬૮૬૧૨૩૪, ટેલીફેક્સ : ૨૬૮૬૨૩૪૫.
E-mail : sivananda_ashram@yahoo.com

# ‘યોગ એ જ જીવન’ (૭)

શ્રી સ્વામી અધ્યાત્માનંદજી


[ન્યૂયોર્ક (અમેરિકા)થી ‘ગુજરાત ટાઈમ્સ’ નામનું સાપ્તાહિક પ્રગટ થાય છે તેના મેગેઝિન વિભાગ સપ્તકમાં પૂ.સ્વામીજી લિખિત ‘યોગ એ જ જીવન’ની લેખશ્રેણી પ્રગટ થાય છે. તેમાંથી નીચેનો લેખ આપણે ‘દિવ્ય જીવન’માં સાભાર લઈએ છીએ. -સંપાદક]

## સૂર્યભેદ પ્રાણાયામ

પદ્માસન અથવા સિદ્ધાસનમાં કમર સીધી રાખીને સ્થિર બેસવું. આંખો બંધ રાખવી. જમણી અનામિકા અને ટચલી આંગળી વડે ડાબું નાસિકાપૂટ બંધ કરવું. જમણા નસકોરા - જમણા નાસિકાપૂટ - દ્વારા સરળતાથી જેટલો ઊંડો શ્વાસ લઈ શકાય તેટલો જરા પણ અવાજ કર્યા સિવાય અંદર ખેંચવો. પછી હડપચીને (દાઢી) છાતી ઉપર દબાવીને શ્વાસ અંદર રોકવો (જાલંધર બંધ કરવો). ધીરે ધીરે આ પ્રક્રિયામાં સમય વધારતાં જવું. ક્રમશઃ દીર્ઘકાળના અભ્યાસથી પરસેવો થશે. આંગળીનાં ટેરવાં અને શરીરમાં પાણીના રેલા ઊતરવા માંડશે, આમ થાય - અનુભવાય ત્યાં સુધી શ્વાસ રોકવો. પહેલી વાર આ પ્રમાણે કરવાથી પરસેવો વળે જ તેવું જરૂરી નથી. જેમ જેમ આપણે શ્વાસ રોકવાનો ક્રમ (કુંભક) વધારતાં જઈએ તેમ તેમ આ પ્રાણાયામની ગરિમા અને લાભનો અનુભવ થતો જશે. આને સૂર્યભેદ પ્રાણાયામ કહેવામાં આવે છે.


ત્યાર પછી જમણું નાસિકાપૂટ જમણા હાથના અંગૂઠાથી બંધ કરીને ડાબા નાસિકાપૂટથી જરાય અવાજ કર્યા વગર ધીરે ધીરે શ્વાસ બહાર કાઢવો. પહેલાં શ્વાસ જરા ઉપર મસ્તિષ્ક તરફ ખેંચીને મગજશુદ્ધિ કર્યા પછી ઉચ્છ્‌વાસ બહાર કાઢો. આમ કરવાથી આંતરડાંનાં જીવડાં અને અનેક દર્દો મટે છે. આનાથી વાયુપ્રકોપથી થતા ચાર પ્રકારનાં નુકસાનથી બચી શકાય છે, અને સંધિવા (રૂમેટિઝમ) પણ મટે છે. તે નાકની રાઈનિટિસ (RHINTIS) સીફાલ્જીઆ (CEPHALGIA) અને જ્ઞાનતંતુના ઘણા પ્રકારના વા (સોજાઓ)ને મટાડે છે, જે જંતુઓ આગળના સાયનેસીસ (SINUSES)માં જોવામાં આવે તો તેમને પણ દૂર કરે છે. તે શોષ અને ભયને દૂર કરે છે. જે લોકો કુંડલિની શક્તિ જાગરણના ઉપાસક હોય તેમને માટે તો સૂર્યભેદ પ્રાણાયામ આશીર્વાદ સમાન છે. ઉનાળામાં સૂર્યભેદ પ્રાણાયામ ઓછા કરવા. શિયાળે વધુ કરવા.

આમ ગયા વખતે આપણે સુખપૂર્વક પ્રાણાયામ તથા આજે અત્રે કરેલી ચર્ચા સૂર્યભેદ પ્રાણાયામના અભ્યાસ દરમિયાન જ્યારે બહારની હવા શ્વાસ મારફત ફેફસાંમાં-વાયુકોષમાં જાય છે, ત્યારે વાયુકોષમાં વધારેમાં વધારે પ્રાણવાયુ, જેટલા વધારે સમય માટે આંતરકુંભક (અંદર શ્વાસ રોકવો તે) કરવામાં આવે તેટલો સમય રહે છે. આમ જ્યારે વાયુકોષમાં પ્રાણવાયુ વધારે પ્રમાણમાં અને વધારે સમય રોકાય ત્યારે તે પ્રાણવાયુ વાયુકોષની દીવાલની સાથે અડકીને પસાર થતી કેશવાહિની (CAPILLARIES)માં રહેલા રક્તમાં સ્થિત રક્તકણ કે લાલકણ અથવા તો RBCમાં પસાર - TRANSFER - થાય છે. આમ આપણે જેટલો વધુ સમય આંતરકુંભક (Internal Retention) કરીએ તેટલો વધુ માત્રામાં પ્રાણવાયુ પ્રાપ્ત કરી શકીએ, તે જ પ્રમાણે વધુ પ્રમાણમાં વધુ સારી રીતે કાર્બન ડાયોક્સાઈડનું વિસર્જન પણ કરી શકીએ. આ જ પ્રમાણે બાહ્ય કુંભકથી રક્તકણ RBC અને વાયુકોષ (ALVEOLI)માં શૂન્યાવકાશ ઉત્પન્ન થાય છે, જે ફેફસાંમાં ‘નેગેટિવ પ્રેસર’ની અસર ઊભી કરે છે. તેને કારણે વાયુકોષની ફરતે આવેલી કેશવાહિનીમાં પ્રચુર માત્રામાં લોહીપુરવઠો ધસી જાય છે. જે લોહી




હૃદયના જમણા ક્ષેપકમાંથી આવતું (DEOXIGENATED BLOOD) રક્ત હોય છે. તેના રક્તકણમાં વધારે કાર્બન ડાયોક્સાઈડ હોય છે. તે રક્તકણ વાયુકોષની દીવાલ ફરતે પુષ્કળ પ્રમાણમાં ગોઠવાઈ જાય છે.

હવે જ્યારે બાહ્ય કુંભક છોડી, શ્વાસ અંદર લેવામાં કે પૂરક કરવામાં આવે ત્યારે બહારની હવાનો વધારે પ્રાણવાયુ વાયુકોષમાં ભરાઈ જાય છે. તે પ્રાણવાયુ સત્વરે જ વાયુકોષની બહાર વધારે પ્રમાણમાં




આવેલા રક્તકણોમાંથી પસાર થાય છે. (TRANSFER) રક્તકણનો કાર્બન ડાયોક્સાઈડ વાયુકોષમાં પસાર થાય છે, જે ઉચ્છ્વાસની પ્રક્રિયા - રેચક કરતી વખતે શરીરની-ફેફસાંની બહાર આવી જાય છે. રક્તકણમાં પ્રચુર માત્રામાં રહેલો પ્રાણવાયુ રક્તકણ મારફત હૃદયના ડાબા ક્ષેપક વડે શરીરના અગત્યના અવયવો (ESSENTIAL ORGANS) સુધી પહોંચે છે. તે પ્રાણવાયુ શરીરના તે અવયવને નવી ઊર્જા-શક્તિ-પ્રાણ પૂરાં પાડે છે. આ પ્રાણવાયુ તે શરીરના પ્રત્યેક અવયવોના દરેક કોષ (CELL)માંથી પસાર થાય છે, અને તે કોષમાં રહેલા ગ્લુકોઝનું દહન કરી, તે કોષને તેનું કે શરીરને ચલાવવાનું વિશિષ્ટ કાર્ય કરવાની શક્તિ પૂરી પાડે છે. આ રીતે તે વિશિષ્ટ અવયવના પોતાના પ્રત્યેક કોષ સંપૂર્ણપણે કાર્યક્ષમ થવાથી તે અવયવ પોતે પોતાની ૧૦૦ ટકા કાર્યક્ષમતાથી કાર્ય કરે છે. એમ આ રીતે શરીરના દરેક અવયવો પોતાનું કામ ચોક્કસપણે કરવાની ક્ષમતા પ્રાપ્ત કરે છે, અને તેવી જ રીતે સામર્થ્યથી કરે પણ છે (અહીં આ વિશિષ્ટ કાર્યો એટલે શ્વસનતંત્ર, રુધિરાભિસરણ તંત્ર, પાચનતંત્ર, ઉત્સર્ગતંત્ર, ચેતનાતંત્ર, અસ્થિતંત્ર, સ્નાયુઓનું તથા આંતરસ્રાવ ગ્રંથિઓનું તંત્ર).

તદુપરાંત ડાબા ક્ષેપકમાંથી (Left Ventrical) આવેલા લોહી-રક્તકણ પૂર્ણ માત્રામાં પ્રાણવાયુ (Oxygen) સાથે જ્યારે ધમનીમાંથી પસાર થાય છે ત્યારે પ્રાણવાયુની ગરમી-ઊર્જાને કારણે ધમનીમાં રહેલા કચરો-ચરબી કે કોલેસ્ટ્રોલનું પ્રવાહીમાં રૂપાંતરણ થાય છે, જે પાછળથી તે પ્રવાહી લોહીના પ્રવાહમાં વહીને ધમનીમાંથી ધીરે ધીરે કરીને બહાર આવી જાય છે અને તે ચરબી શરીરનું તંત્ર ચલાવવાની ઊર્જામાં રૂપાંતરિત થઈ જાય છે. આમ આ પ્રાણાયામના દૈનિક અને નિયમિત અભ્યાસથી ધમનીની અંદરની દીવાલોની સફાઈ નિરંતર ચાલ્યા જ કરે છે, જેથી કરીને હાર્ટ એટેક, બ્રેઈન સ્ટ્રોક કે કિડની ફેઈલ્યોર જેવી પરિસ્થિતિઓને નિવારી શકાય છે.



સાધારણ આર્ટરિઝનો ક્રોસ સેક્શન વ્યૂહ દીવાલો મજબૂત છે. અંદરની દીવાલ સ્વચ્છ રહે છે.

આગળ વાત કરતાં પૂર્વે આ કોલેસ્ટ્રોલ સંબંધી થોડું સમજી લેવું જરૂરી છે. આપણે જે કંઈ ખોરાક ખાઈએ છીએ, તે જેટલી કેલરીનો હોય તેટલી કેલરી આપણે ખર્ચ કરવી પડે. આપણા શારીરિક શ્રમ જેવા કે ચાલવા, દોડવા, તરવા, નૃત્ય કરવા, રમતગમત કે યોગાભ્યાસ-પ્રાણાયામ વગેરેના અભ્યાસથી આ કેલરી બળી જાય છે. ખોરાકમાં ઘી, તેલ, મિષ્ટાન્ન, નોન-વેજ કે દૂધ-મલાઈ, માખણ, કાજુ, પિસ્તાં, બદામ કે વધુ કેલરીવાળાં ફળો કેરી વગેરે ખાધા પછી આ કેલરી બધી બળી જાય તે પ્રમાણે શ્રમ કરવો આવશ્યક છે. ચાળીસેક વર્ષ સુધી તો લોકો મોટા ભાગે કંઈક ને કંઈક શ્રમ કરતા જ હોય છે, પરંતુ તે




આર્ટરિઝમાં બ્લોકેજ લોહીમાં કોલેસ્ટ્રોલનું પ્રમાણ વધ્યું છે.

પછી શરીર પ્રમાદ કરવા માંડે છે, પરંતુ ખાવા-પીવા અને મોજમજાની પ્રકૃતિ તો વધુ ને વધુ ફૂલતીફાલતી જાય છે.

આમ ધીરે ધીરે લોહી ઘટ્ટ થતું જાય છે. ધમનીઓની અંદરની દીવાલમાં જામતું જાય છે. ત્યાર પછી એક સમય એવો આવે છે કે લોહીના આવાગમનનો માર્ગ જ બંધ કે ખૂબ સાંકડો થઈ જાય છે. તેને કોલેસ્ટ્રોલ વધી ગયું, આર્ટરિઝમાં બ્લોકેજ છે તેવું કહેવામાં આવે છે.

કુંભમેળામાં નદીઓ ઉપર કામચલાઉ નાના નાના પુલ બાંધવામાં આવે છે. ભીડ ખૂબ વધી જાય અને જો ભાગમભાગ થાય ત્યારે આ પુલ ઉપર જનતાનો આકસ્મિક ધસારો થાય છે. પુલ સાંકડો છે. એકસાથે સો માણસોની અવરજવરની ક્ષમતા છે, હજારો માણસોનું દબાણ બંને તરફથી થાય તો પુલ તૂટી શકે, ભાંગી શકે અથવા તો લોકો એકમેકના પગ નીચે દબાઈને ચગદાઈ જાય, હાથ-પગ ભાંગે કે કંઈક મરે પણ ખરા. આ આર્ટરિઝના નેરોપણા-સાંકડા થઈ જવાથી લોહીનું દબાણ વધે છે. લોહીના આવન-જાવનનો જથ્થો ઘટ્યો નથી. માર્ગ સાંકડો થઈ ગયો છે. તેથી પહેલાં બ્લડપ્રેશર વધે - પછી હાર્ટ એટેક આવે. તેની સાથે શરીર પેરેલાઈઝ્ડ - લકવાગ્રસ્ત થઈ જવાની શક્યતાઓ પણ ખરી જ. બ્રેઈન હેમરેજ કે બ્લડ ક્લોટિંગ પણ થાય. જીવન આપણે જ દુઃખી દુઃખી કરી નાખીએ છીએ. જીવન જીવવામાં રસ રહેતો નથી. આપણે જાતે જ નીરસ થઈ જઈએ છીએ. આપણે જ આપણું જીવન બોજારૂપ બનાવીએ છીએ. વજન ઉપાડાય નહિ. બાથરૂમમાં પાણી ભરેલી બાલદી ઉપાડીને પોતાના જ માથા પર ઢોળી શકાય નહિ. થોડાં પણ પગથિયાં ચઢી શકાય નહિ. ચાલતી વખતે હાંફ ચઢે. ફોનની ઘંટી વાગે અને તમે લો તો સામેવાળાને તમારા હલ્લો કે જય શ્રીકૃષ્ણ પહેલાં તમારી હાંફનો જ અવાજ આવે.


આર્ટરિઝમાં લોહીના અવરજવરનો માર્ગ સાંકડો થઈ જાય

ખાવા-પીવામાં પસંદગીનું કંઈ ખાઈ-પી શકાય નહિ. ફાસ્ટફૂડ બંધ, અથાણાં, પાપડ, ફરસાણ, મિષ્ટાન્ન, ભાત, બટાટાં, કોક, પેપ્સી, પિઝ્ઝા બધું બંધ. હવે ખાવું શું ? માનસિક તનાવ વધતો જાય, સ્વભાવ ચીડિયો થઈ જાય. શોર્ટ ટેમ્પર પ્રકૃતિ થઈ જાય. નાની નાની વાતોમાં હોબાળા કરવાની ટેવ પડી જાય. સાહેબ હોઈએ તો નાનાને ધમકાવીએ, અને નાના હોઈએ તો ભૂલો કરીએ કે ઘરમાં કકળાટ કરીએ. જીવન અશાંતિ અને અકળામણથી દુઃખી દુઃખી થઈ જાય.

પછી ગીતાનો છઠ્ઠો અધ્યાય - આત્મસંયમ યોગ યાદ આવે. 'યુક્તાહાર વિહાર'નું તત્ત્વદર્શન આંખો સમક્ષ કૂંડાળાં કરે. નિયમ અને કાયદા, ડાયેટિંગ અને કસરત બેચાર દિવસ ચાલે, પાછું વળી જૈસે થે. જીવનમાં નિયમિતતા કે અનુશાસન જેવું કંઈ જ નહિ. આ ચિંતામાંથી જ ડાયાબિટીસ પણ થાય. લીવર કે કિડની ફેઈલ થાય. એસિડિટી તો સૌથી પહેલાં થાય. શરીરનું વજન આવશ્યક પ્રમાણમાં ખૂબ વધે. એક વાર વજન વધવા માંડે પછી સો નિયમ કરો, તેને પાછું સર્વાંગ સુંદર કરવાનું બહુ જ દુષ્કર છે.

આ બધું લખીને તમારા જીવનમાં કંઈ નેગેટિવ થિંકિંગ કે ભય ઊભા કરવાનું કંઈએ પ્રયોજન નથી. આ તો હકીકત છે અને તમે જાણતા ન હો તેવું નથી. સૌ જાણે છે, છતાં જ્યારે સમૂહમાં કંઈક ભૂલ થાય અને આપણા પ્રત્યે જ આંગળી ચીંધાયેલી હોય ત્યારે આપણે સૌને - મને પણ ડાબે જમણે જોવાની ટેવ છે. કોણ ભૂલ કરતું હશે. હું તો ન જ હોઉંને ? પરંતુ આવું નથી. મનુષ્ય માત્ર ભૂલને પાત્ર. માટે જાગ્યા ત્યાંથી સવાર. આજથી જ સવાર, બપોર, સાંજ, રાત્રે ડૉક્ટર એક ગોળી દિવસમાં ત્રણ વાર એમ લખીને આપે છે તેમ પાંચથી દસ મિનિટ, દિવસમાં ઓછામાં ઓછું બે વાર, શક્ય હોય તો ત્રણચાર વાર કરો તો ભયો ભયો. પ્રાણાયામ કરો. આનંદમય જીવનના યાત્રી બનો. ૐ શાંતિ.

# રામાયણ - મહાકાવ્ય

શ્રી ગુણવંત શાહ

### રામ-રતન ધન પાયો

પૃથ્વીની ઉત્પત્તિ થઈ અને કરોડો વર્ષ વીતી ગયાં. ધરતી પર મહાસાગરોનાં મોજાં ઊછળતાં રહ્યાં અને પવન વહેતો રહ્યો. વૃક્ષો ડોલતાં રહ્યાં અને ઊંચાં ઊંચાં પર્વતો પર થીજેલો બરફ સૂર્યનાં કિરણોની ઉષ્મા પામીને ધીરે ધીરે પીગળતો રહ્યો. નદીઓ અને સદીઓ વહેતી રહી. ધરતી પર બધું હતું પણ જીવન ન હતું.

લાખો સદીઓ વીતી પછી ધરતી પર જીવનનો સંચાર થયો. અમીબા જેવા અતિ સરળ એકકોશી જીવો પેદા થયા પછી ઉત્ક્રાંતિની દડમજલમાં નવા નવા જીવો હરતાફરતા થયા. ધરતી પર પાંગરેલી જંતુસૃષ્ટિ, પશુસૃષ્ટિ અને પક્ષીસૃષ્ટિમાં રહેલું વૈવિધ્ય અદ્‌ભુત હતું. ધરતી પાસે જીવન હતું, પણ વાણી ન હતી.

અનેક યુગો વીતી ગયા. છેક છેવટે પૃથ્વી પર માનવનો આવિર્ભાવ થયો અને બધી બાજી પલટાઈ ગઈ. લાખો વર્ષો બાદ પોતાના બે પગ પર ટટ્ટાર ઊભેલો આદિમાનવ (હોમો ઈરેક્ટસ) ધરતી પર રમતો-જમતો-ભમતો થયો. એ માનવ પાસે વાણીનું વરદાન હતું. અસંખ્ય સદીઓ પછી પૃથ્વીને જાણે જિહ્વા પ્રાપ્ત થઈ. વાણી સાથે વિચાર ભળ્યો ત્યારે માનવીય સંસ્કૃતિનો ઉદય થયો. સંસ્કૃતિના ઉષાકાળે કોઈ વૈદિક ઋષિએ એક સત્ય ઉદ્‌ગાર્યું : 'માતા ભૂમિઃ પુત્રોઽહમ્ પૃથિવ્યાઃ ।' જીવનસંસ્કૃતિનો પ્રવાહ વહેતો થયો અને એ પ્રવાહના કોઈ ગેબી વળાંક પર એક એવું મનોહર માનવપુષ્પ ખીલ્યું, જેની સુગંધ આજે પણ તેવી ને તેવી છે. એ માનવીય છતાં દિવ્ય એવી સુગંધનું નામ રામ છે.

ભારતવર્ષની પ્રજાના હૃદયમાં આજેય રામ વિરાજે છે. આજે પણ આદર્શ રાજ્ય એટલે રામરાજ્ય ! મહાકવિ કાલિદાસે આદર્શ રાજાને મધ્યમાશ્રમ તપસ્વી કહ્યો છે. રામ સમર્થ હતા તે સાથે સંવેદનશીલ પણ હતા. તેઓ વીર હતા અને વિવેકી પણ હતા. તેઓ જેટલા બળવાન હતા તેટલા જ ગુણવાન હતા. તેઓ રસજ્ઞ હતા અને વૈરાગ્યવાન પણ હતા. આવું તેજસ્વી, ઓજસ્વી અને ઉદાત્ત વ્યક્તિત્વ ધરાવનારા રામ 'મર્યાદાપુરુષોત્તમ' ગણાયા. વ્યક્તિ જ્યારે એવરેસ્ટની ઊંચાઈ પામે ત્યારે વ્યક્તિ મટીને વિભૂતિ બની રહે છે. રામાયણ એટલે વ્યક્તિત્વ તરફથી વિભૂતિમત્ત્વ ભણી ડગલાં માંડનારા મહામાનવ રામની જીવનકથા અથવા રામનો ગતિપથ.

જે પ્રજા પોતાની સંસ્કૃતિનાં ઉત્તમ તત્ત્વોનો અનાદર કરવામાં ગૌરવ અનુભવે અને અન્ય સંસ્કૃતિઓનાં નઠારાં તત્ત્વોથી બચવામાં પ્રમાદ સેવે, તેનું તેજ કાળક્રમે હણાઈ જાય છે. અગ્નિ એશિયાના બધા દેશો સાથે આપણો રામાયણી સંબંધ છે. ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપ્રમુખ ડૉ. સુકર્ણો મુસ્લિમ હતા, પરંતુ રામાયણ વાંચતા અને પોતાને ભીમપુત્ર ઘટોત્કચનો પુનઃઅવતાર માનતા. વર્ષો પહેલાં સૌથી પહેલી વિશ્વ રામાયણ પરિષદ ઈન્ડોનેશિયામાં મળેલી. ઈન્ડોનેશિયાની ભાષામાં સંસ્કૃત શબ્દોનું પ્રમાણ પચાસ ટકાથી વધારે છે. એ દેશમાં કઠપૂતળીના ખેલમાં સૌથી લોકપ્રિય પાત્ર જટાયુ છે. ત્યાં મુસ્લિમો પણ રામાયણ વાંચે છે અને ભજવે છે.

પૂરાં ૪૧૭ વર્ષ સુધી થાઈલેન્ડની રાજધાની અયુધ્યા (અયોધ્યા) હતી. છેક ઈ.સ. ૧૭૬૭માં બર્મા સામેના યુદ્ધમાં અયુધ્યા નષ્ટ થઈ. આજની રાજધાની બેંગકોકથી થોડે દૂર આવેલી અયુધ્યા પ્રવાસીઓ માટેનું આકર્ષણ સ્થાન ગણાય છે. થાઈલેન્ડના ઘણાખરા રાજાઓનાં નામ રામ હતાં. 'દેવદૂતોનું નગર' ગણાતા બેંગકોકમાં 'રામા ગાર્ડન' નામની ફાઈવસ્ટાર હોટેલમાં એક પરિષદમાં રામાયણ પર નૃત્યનાટિકા જોવાનું બનેલું. રામ અને રાવણ તરીકે થાઈ કન્યાઓ હતી. રામ-રાવણનું યુદ્ધ પણ કોમળ બની ગયેલું.

આપણી સંસ્કૃતિનાં મૂળિયાં રામાયણ જેવા મહાકાવ્યમાં જળવાયાં છે. હનુમાનનું મંદિર ન હોય એવાં કેટલાં ગામો ભારતમાં હશે ? ભારતમાં 'રામ' એક એવો ઉદ્‌ગાર છે, જે લોકજીવનમાં સહજપણે વણાઈ ગયો છે. આપણે ત્યાં સામે મળેલા માણસને 'રામ રામ' 'જૈ રામજી કી' કે 'જયસિયારામ' કહીને આવકારવામાં આવે છે. ક્યારેક તો લોકો બગાસું ખાય

ત્યારે પણ અંતે 'રામ'નો ઉદ્‌ગાર નીકળે છે. બે બળદોની જોડી સુંદર દેખાય ત્યારે આપણો ખેડૂત કહે છે : 'રામ-લખમણની જોડ છે.' ગુજરાતીમાં રોજબરોજના જીવનમાં બનતી સારીમાઠી ઘટનાઓ અંગે શબ્દપ્રયોગ પ્રચલિત છે : 'રોજની રામાયણ.' કશુંક અપ્રિય બને ત્યારે ભારતનો જન સામાન્ય કહે છે : 'જેવી રામની મરજી.' મનુષ્ય મૃત્યુ પામે ત્યારે સ્મશાનયાત્રામાં શબ્દો સંભળાય છે : 'રામ નામ સત્ય હૈ.' ગાંધીજીના જીવનની અંતિમ પળે નીકળી પડેલા શબ્દો રાજઘાટની સમાધિ પર કોતરાયા છે : 'હે રામ.'

કરાચીમાં રેડિયો પાકિસ્તાનની ઈમારત પાસેના રસ્તાનું રામ 'રામચંદ્ર ટેમ્પલ રોડ' છે. રામાયણને તુલસીદાસે ઘરે ઘરે પહોંચાડ્યું છે. તુલસીદાસે વાલ્મીકિનો મહિમા કર્યો અને કહ્યું : 'બાલમીકિ બ્રહ્મ સમાના.' રામાયણ નરચરિત્ર છે, પરંતુ ભારતીય પરંપરામાં નરત્વમાં નારાયણત્વનું આરોપણ કરવાની પ્રથા ચાલી આવે છે. વાલ્મીકિએ પણ પોતાના મહાકાવ્યમાં રામમાં નારાયણત્વનું પ્રતિપાદન કર્યું છે. પ્રેમની મધુરતા એની રહસ્યમયતામાં રહેલી જણાય છે. દેવોને માટે કહેવાયું છે કે તેઓ 'પરોક્ષપ્રિય' હોય છે. (પરોક્ષપ્રિયા ઈવ હિ દેવાઃ । ઐતરેય ઉપનિષદ, ૧-૩-૧૪). વાલ્મીકિનું રામાયણ માનવતાનું મહાકાવ્ય છે, જેમાં દિવ્યતાનું પરોક્ષ પાર્શ્વસંગીત સતત સંભળાતું રહે છે.

મૂળિયાં વગર કેરી ન પાકે અને હા, કેરી ખવાય પણ મૂળિયાં ન ખવાય. આવા સૂક્ષ્મ વિવેક સાથે આ ગ્રંથ વાંચવાની ભલામણ છે. કથાપ્રવેશ થાય પછી એનું વહન રસને કારણે થતું હોય છે. રામકથા સાથે વિચારકથા ભલે ચાલતી. મહાકાવ્યનો મર્મ ત્યારે જ પકડાય જ્યારે એમાં વિવેક પણ ઉમેરાય. રામાયણ પર લખાયેલું આ ભાષ્ય ભીના હૃદયે વાંચવાની ભલામણ છે કારણ કે એ ભીના હૃદયે લખાયું છે. રામકથા એ ભાવકથા છે. કોરું પાંડિત્ય પકડી રાખીને એનું પઠન કરવું એ ખોટનો ધંધો છે. રામાયણ જેવા ઉત્તમ મહાકાવ્યના પઠન માટેની શ્રેષ્ઠ ઋતુ એટલે વર્ષાઋતુ.

સોળમી સદીમાં તુલસીદાસે 'રામચરિતમાનસ'ની રચના કરી. જોતજોતામાં ગ્રંથ સામાન્ય જનતામાં લોકપ્રિય થવા લાગ્યો. પંડિતોના તેજોદ્વેષનો પાર ન રહ્યો. સંસ્કૃતને બદલે લોકબોલીમાં રામકથાને સંગીતમય પદ્યમાં પ્રગટ કરવા બદલ કાશીના બ્રાહ્મણોએ તુલસીદાસની નિંદા કરવામાં કશુંય બાકી ન રાખ્યું. તે સમયે કાશીના પંડિતોમાં આચાર્ય મધુસૂદન સરસ્વતી સર્વોચ્ચ સ્થાને વિરાજમાન હતા. એમણે તુલસીદાસની કાવ્યપ્રતિભા, રામભક્તિ અને જનપ્રીતિને પારખી લીધી અને મુક્ત કંઠે પ્રશંસા કરી :

**આનંદકાનને હ્યસ્મિન્ જંગમસ્તુલસીતરુઃ ।**
**કવિતામંજરી યસ્ય રામભ્રમરભૂષિતા ॥**

મધુસૂદન સરસ્વતીએ કહ્યું : 'આનંદવનમાં આ તુલસી એવો હરતોફરતો છોડ છે, જેની કાવ્યમંજરી રામરૂપી ભ્રમરના ગુંજનથી શોભી રહી છે.' તુલસીદાસજીએ રામાયણની રચના ન કરી હોત તો વાલ્મીકિ રામાયણ સંસ્કૃતના થોડાક વિદ્વાનોએ જરૂર સેવ્યું હોત, પરંતુ રામકથા સમાજના બધા વર્ગો સુધી ન પહોંચી હતી (સ્વાન્તઃસુખાય તુલસીરઘુનાથગાથા). તુલસીનો નિજાનંદ પછી તો ઉત્તર ભારતમાં ઘરે ઘરે પહોંચી ગયો.

રામ ભારતીય સંસ્કૃતિના માનવરત્ન હતા. મીરાંએ એમનો મહિમા 'રામ-રતન ધન' જેવા શબ્દોમાં કર્યો. ભીના હૃદયે રામકથાનું શ્રવણ કે પઠન કરનારને જરૂર સમજાશે કે પોતાને ખબર પણ ન પડે એ રીતે જીવનનું રૂપાંતરણ થઈ રહ્યું છે. સદ્‌ગ્રંથ તેને કહેવાય જેના વાચન-મનનથી આપણામાં પડેલો સત્ત્વગુણ જાગૃત થાય, રજોગુણ સખણો રહે અને તમોગુણ ઢીલો પડે. આ ભાષ્ય લખતી વખતે મને એવો અનુભવ થઈ રહ્યો હતો કે રોજ જાણે મનનું સ્નાન થઈ રહ્યું છે. આ ગ્રંથ વાંચનારને પણ એવો અનુભવ થાય તો મારો પ્રયત્ન સાર્થક ગણાય, અન્યથા નહીં.

'રામચરિતમાનસ'ની ચતુઃશતાબ્દી નિમિત્તે ભારત સરકારે જે ટપાલ ટિકિટ બહાર પાડેલી તેના પર નીચેની ચોપાઈ અંકિત થયેલી :

**કીરતિ ભનિતિ ભૂતિ ભલ સોઈ,**
**સુરસરિ સમ સબ કહઁ હિત હોઈ ।**

કહે છે : 'કીર્તિ, કવિતા અને સંપત્તિ ત્યારે જ ઉત્તમ ગણાય, જ્યારે એ પવિત્ર ગંગામૈયાની માફક સૌનું કલ્યાણ કરે.'

સદીઓ વીતી તોય આપણા સંતો અને ભક્ત કવિઓ રામનો મહિમા ગાતા જ રહ્યા છે. થોડીક પંક્તિઓ સાંભળી લઈએ :

મન લાગો મેરો યાર ફકીરીમેં ।
જો સુખ પાવો રામ ભજનમેં,
સો સુખ નાહિં અમીરીમેં ॥

કબીર

સુને રી મૈંને નિર્બલકે બલ રામ,
પિછલી સાખ ભરૂં સંતનકી આડે સઁવારે કામ ।

સૂરદાસ

કહે નાનક રામ ભજ લે
જાત અવસર બીત ।
ઔર સકલ મિથ્યા યહ જાનો
ભજના રામ સહી ।

નાનક

શ્રી રામચન્દ્ર કૃપાલુ ભજ મન હરણ ભવ-ભવ દારુણમ્,
નવ-કંજ-લોચન કંજ-મુખ, કર કંજ, પદકંજારુણમ્ ।

તુલસીદાસ

પાયો જી મૈંને રામ-રતન ધન પાયો,
વસ્તુ અમોલિક દી મેરે સતગુરુ,
કિરપા કર અપનાયો... પાયો જી મૈંને ।

મીરાં

રામનામશું તાળી લાગી,
સકળ તીરથ તેના તનમાં રે.

નરસિંહ મહેતા

રામ-અમલમાં રાતા માતા પૂરા પ્રેમી પરખે જોને;
પ્રીતમના સ્વામીની લીલા તે રજનીદન નીરખે જોને.

પ્રીતમ

રામબાણ વાગ્યાં રે હોય તે જાણે,
ધ્રુવને વાગ્યાં, પ્રહ્‌લાદને વાગ્યાં,
ઠરી બેઠા ઠેકાણે... રામબાણ.

ધનો ભગત

જેને રામ રાખે રે, તેને કુણ મારી શકે ?
અવર નહીં દેખું રે, બીજો કોઈ પ્રભુ પેખે.

ધીરો ભગત

'રામાયણ - માનવતાનું મહાકાવ્ય'ની ભૂમિકામાંથી સાભાર

## શ્રીમદ્ ભાગવતકથા

સદ્‌ગુરુદેવ શ્રી સ્વામી શિવાનંદજી મહારાજની કૃપાથી ચૈત્ર નવરાત્રમાં તા.૫-૪-૦૮ની સાંજે ૪-૦૦ થી ૭-૩૦ અને પછી તા.૬-૪-૦૮ થી ૧૨-૪-૦૮ સુધી દરરોજ સવારે ૮-૩૦ થી ૧૧-૩૦ બપોરે ૪-૩૦ થી ૭-૩૦ સુધી શ્રીમદ્ ભાગવત કથાનું આયોજન શિવાનંદ આશ્રમમાં શ્રી અષ્ટલક્ષ્મી ભવનમાં આયોજાયું છે. પૂજ્યશ્રી સ્વામી અધ્યાત્માનંદજી મહારાજશ્રી વ્યાસપીઠે બિરાજશે.

તા.૧૩-૪ સવારથી તા.૧૪-૪ શ્રીરામનવમી સુધી શ્રીરામચરિત માનસનો અખંડપાઠ થશે. શ્રીરામનવમી પૂજન તા.૧૪-૪ના મધ્યાહ્‌ને થશે. સૌને લાભ લેવા હાર્દિક નિમંત્રણ છે.

## ૐ શાંતિ

દિવ્યજીવન સાંસ્કૃતિક સંઘ, શિવાનંદ આશ્રમ સંચાલિત હોમિયોપેથિક ક્લિનિક, પાલડી કેન્દ્રમાં છેલ્લા ૨૪ વર્ષોથી સેવા આપતા શ્રી સુરેશભાઈ ચંદુલાલ મશરૂવાલા (ઉં.વર્ષ ૭૯) તા.૯મી ફેબ્રુઆરીને શનિવારના રોજ શ્રીજીચરણ પામ્યા છે. તેમના નિધનથી સંસ્થાએ એક સંનિષ્ઠ સેવાભાવી કાર્યકર ગુમાવ્યા છે. પ્રભુને પ્રાર્થના કે દિવંગતના આત્માને ચિરશાંતિ અને સદ્‌ગતિ આપો. ઈશ્વર તેમના પરિવારના સર્વે પરિજનોને આ ખોટ સહન કરવાની ક્ષમતા આપો. ૐ શાંતિ.

I J

# હિમાલયનો પ્રસાદ

K **શ્રી ભાણદેવ** L

હિમાલય જ્યારે જઈએ ત્યારે તેનાં નવાં નવાં દર્શન થાય છે. હિમાલયનાં અનેક વાર દર્શન કર્યા જ કરો. નવા નવા પ્રસાદની પ્રાપ્તિ થાય છે. હિમાલય કદી ખૂટવાનો જ નહિ. 'હવે હિમાલયમાં ક્યાંય જવાનું નથી. હવે હિમાલય-દર્શનમાં કશું બાકી રહેતું નથી.' એમ કોઈ કહી શકે નહિ, એમ કદી કહી શકાય નહિ.

ઋગ્વેદમાં એક સ્થાને વિશ્વામિત્ર કહે છે - 'આ શિખરોની હારમાળાનો અંત આવતો નથી. એક શિખરની ટોચ પર પહોંચીએ ત્યાં તો તેનાથી ઊંચા અન્ય શિખરનાં દર્શન થાય છે અને તેની ટોચ પર પહોંચીએ ત્યાં ત્રીજા વધુ ઊંચા શિખરનાં દર્શન થાય છે અને આમ આ શિખરોની હારમાળાનો અંત આવતો નથી. આ પર્વતશિખરોની હારમાળાનો કોઈ અંત નથી.'

ઋષિ વિશ્વામિત્ર અહીં ચેતનાનાં શિખરોની વાત કરે છે અને શિખરોની હારમાળાની યાત્રાના કથન દ્વારા અધ્યાત્મપથના આરોહણની વાત કરે છે. અધ્યાત્મયાત્રા અનંતની યાત્રા છે અને તેથી આ પથ પર 'હવે આગળ કશું જ નથી' એમ કોઈ કહી શકે નહિ. અનંતની યાત્રાનો અંત કેવી રીતે આવે ?

હિમાલય અનંત તો નથી, પરંતુ તે એટલો વિશાળ છે કે યાત્રી માટે તેનો અંત લેવાનું પણ શક્ય નથી તેથી યાત્રી માટે તે અનંત તો નહિ, પરંતુ અનંત જેવો બની રહે છે. તેથી ઋષિ વિશ્વામિત્ર અધ્યાત્મની - અનંતની યાત્રાને હિમશિખરોના પ્રતીક દ્વારા અભિવ્યક્ત કરે છે. જેનો કદી અંત ન આવે તેવી યાત્રા જ ખરી યાત્રા છે. આપણી પાસે તેવાં બે યાત્રા-સ્વરૂપો છે - એક અધ્યાત્મ-યાત્રા અને બીજી હિમાલય-યાત્રા અને જ્યારે આ બંને યાત્રાઓ એકાકાર બની જાય ત્યારે ? ત્યારે હિમાલયની યાત્રા અનંતની યાત્રાની એક ધારા બની જાય છે. હિમાલયની યાત્રા અનંતની યાત્રા છે; અનંતની યાત્રા હિમાલયની યાત્રા છે ! હિમાલયની અધ્યાત્મયાત્રા અને અધ્યાત્મની હિમાલય-યાત્રા - બંને ધારાઓ એકમેકમાં મળીને સમરસ બની જાય છે.

હિમાલય અમ સાધુઓનું પિયર છે, મોસાળ છે, માસીબાનું ઘર છે અને તેથીયે અધિક છે. પિયર કે મોસાળ જવા માટે કારણની જરૂર ન હોય અને નિમંત્રણની જરૂર પણ ન હોય ! હિમાલય જવા માટે કોઈ કારણની જરૂર નથી. હિમાલય ન જવા માટે અને હિમાલય જઈને પાછા આવવા માટે કારણની જરૂર છે. પાછા આવવા માટે કોઈ કારણ ન હોય તો ત્યાં જ રહેવું તે જ સ્વાભાવિક લાગે છે. હિમાલયમાં શું ખૂટે છે કે પાછા આવવાનું બને છે કે પાછા આવવું પડે છે ? હિમાલયમાં રહીને સ્વામી તપોવનજી મહારાજ પાસે વેદાંતનું અધ્યયન કર્યા પછી તેમના એક અંતેવાસીએ હિમાલય છોડીને નીચે મેદાનમાં આવીને વેદાંતનો પ્રચાર-પ્રસાર કરવાની ઇચ્છા વ્યક્ત કરી. સ્વામીજીએ કહ્યું :

'તારાં કનિષ્ઠ પ્રારબ્ધ છે કે હિમાલયમાં રહીને અધ્યાત્મ-સાધના કરવાને બદલે તને હિમાલય છોડીને નીચે જવાની ઇચ્છા થાય છે !'

તપોવનજી મહારાજ, સ્વામી પ્રણવાનંદજી, સ્વામી સુંદરાનંદજી આદિ સંતોએ જીવનભર કોઈ ને કોઈ સ્વરૂપે હિમગિરિ-વિહરણ કર્યું છે અને ક્યારેય 'હવે બસ' કહ્યું નથી. જેમણે હિમગિરિ-વિહરણના અમીરસનું પાન કર્યું હોય તેઓ કદી 'હવે બસ' કહે જ નહિ, કહી શકે નહિ.

મારા એક સંન્યાસી મિત્ર છે. મારી જેમ તેઓ પણ હિમાલયના ભક્ત છે. તેમણે મારી જેમ હિમાલયની અપરંપાર યાત્રાઓ કરી છે. તેઓ

હિમાલયમાં કે ભારતમાં અન્યત્ર કોઈ વિસ્તારની યાત્રા માટે નીકળે ત્યારે દંડ, કમંડલ અને થેલો તો સાથે રાખે જ, પરંતુ પોતાનું પાગરણ પણ સાથે રાખે. શેતરંજી, ચાદર, કામળો આદિ બાંધીને ખભે લટકાવે. જ્યારે મળે ત્યારે ચાર વસ્તુ તો તેમની સાથે જોવા મળે જ - દંડ, કમંડલ, થેલો અને પાગરણનું પોટલું. એક વાર હૃષીકેશમાં ગંગાકિનારે અચાનક મળી ગયા. તેમની પાસે દંડ, કમંડલ અને થેલો તો હતાં, પરંતુ ખભે પાગરણનું પોટલું હતું નહિ. મેં મિત્રભાવે સહજ રીતે પૂછ્યું :

'કેમ, સ્વામીજી ! પાગરણ ક્યાં ગયું ?'

તેમણે ઉત્તર આપ્યો :

'હિમાલયનો પ્રસાદ !'

આ 'હિમાલયનો પ્રસાદ' અમારી બંનેની વચ્ચે પ્રયોજાતો વિશિષ્ટ શબ્દપ્રયોગ છે. અમે જ્યારે મળીએ ત્યારે એકબીજા પાસે 'હિમાલયના પ્રસાદ'ની માગણી કરીએ. અમે બંને બેસીને હિમાલયની નવી યાત્રા કરી હોય તેના અનુભવો એકબીજાને કહીએ. આ અનુભવ-લહાણીને અમે 'હિમાલયનો પ્રસાદ' કહીએ.

આ વખતે સ્વામીજીએ 'હિમાલયના પ્રસાદ'ની માગણી કરવાને બદલે મારા પ્રશ્નના ઉત્તરરૂપે 'હિમાલયનો પ્રસાદ' કહ્યું. આ નવી ઘટના બની. હું તેમના કહેવાનો અર્થ સમજ્યો નહિ, એટલે મેં માગણી કરી :

'આપો, આપો, હિમાલયનો પ્રસાદ આપો.'

મારો હાથ પકડીને તેઓ મને એક એકાંત સ્થાને લઈ ગયા. ગંગાને સાવ કિનારે એક વૃક્ષની છાયામાં અમે બેઠા. તેમણે મને તેમની હિમાલય-યાત્રા દરમિયાન બનેલી એક સુંદર ઘટના કહી.

સ્વામીજી હિમાલયની યાત્રા કરી રહ્યા હતા. તેમની આ યાત્રાના ક્રમ દરમિયાન તેઓ એક પહાડી પગદંડી પરથી પસાર થઈ રહ્યા હતા. આકરી ચડાઈનો માર્ગ હતો. સ્વામીજી દંડ, કમંડલ, થેલો અને પોતાના નિત્ય સંગાથી જેવું પેલું પાગરણનું પોટલું લઈને આકરી ચડાઈ ચડી રહ્યા હતા; હાંફતાં-હાંફતાં માંડ માંડ પંથ કાપી રહ્યા હતા. રસ્તાની બાજુમાં એક નાનું પહાડી ગામડું હતું. આ ગામની એક નાની કન્યા રસ્તામાં સામી મળી. વય દસેક વર્ષની હશે. કન્યાએ પોતાની પીઠ પર એક બાળક તેડેલું હતું. કન્યા દૂબળી-પાતળી અને બાળક હૃષ્ટપુષ્ટ. બાળકને તેડીને પહાડી પગદંડી પર ચાલી રહી છે. આ દૃશ્ય જોઈને સ્વામીજીને કન્યા પર દયા આવી.

સ્વામીજીએ કન્યાને પૂછ્યું :

'બેટી, તારું નામ શું ?'

'નારાયણીદેવી.'

સ્વામીજીએ આગળ ચલાવ્યું :

'બેટી, આવો તગડો બાળક ઉપાડીને ચાલે છે : તને બોજો લાગતો હશે.'

પહાડી કન્યા નારાયણીદેવીએ સામો સણસણતો જવાબ આપ્યો :

'મહારાજ ! આ બોજો નથી. આ તો મારો ભાઈલો છે, ભાઈલો ! તમે ખભે લટકાવ્યો છે ને, તે બોજો કહેવાય, સમજ્યા ? આ બોજો ન કહેવાય !'

આ નાની પણ તેજસ્વી પહાડી કન્યાનો આ વાક્-પ્રહાર સ્વામીજીની આરપાર ઊતરી ગયો. સ્વામીજીએ તે જ ક્ષણે ખભે લટકાવેલું તે પોટલું નીચે ફેંકી દીધું. પોટલું ગબડતું-ગબડતું નીચે ખીણમાં ચાલ્યું ગયું.

તે જ ક્ષણથી સ્વામીજીએ પાગરણના પોટલાનો ત્યાગ કર્યો. સ્વામીજી હળવા-ફૂલ બની ગયા.

સ્વામીજી મારો હાથ પકડીને બોલ્યા :

'કહો, આ હિમાલયનો પ્રસાદ ખરો કે નહિ ?'

'ખરો પ્રસાદ ! સાચો પ્રસાદ ! આ જ હિમાલયનો ખરો પ્રસાદ છે.'

અમે બંને પેટ ભરીને હસ્યા.

હિમાલયની યાત્રામાં આવા પ્રસાદ મળ્યા જ કરે છે. હિમાલય એવો ઉદારદિલ યોગી છે કે ખાલી હાથે પાછા આવવા જ ન દે !

'હિમગિરિ વિહરણ'માંથી સાભાર

# તપસ્વિની

**શ્રી દિગંબર સ્વાદિયાજી**

ચાલીસ બેતાલીસ વર્ષો પહેલાંનો એ પ્રસંગ આજે પણ મારા સ્મૃતિપટ પર તાજો છે. એ દિવસોમાં હું આકાશવાણી, દિલ્હીના સમાચાર વિભાગમાં નોકરી કરતો હતો. એ વર્ષોમાં અધિક માસ આવ્યો ત્યારે થોડા દિવસ હરદ્વાર-હૃષીકેશમાં ગાળવા જવાની અમને ઇચ્છા થઈ. જરૂરી તૈયારી કર્યા પછી મારાં પત્ની કલ્પના અને બે ભૂલકાં - અર્ચના અને સુધાંશુ - સાથે મેં પ્રસ્થાન કર્યું.

હરદ્વારના ગુજરાતી સમાજમાં ઉતરવાની સગવડ થઈ ગઈ. સાંજના હર કી પૌડીનાં ભક્તિ-સભર વાતાવરણમાં થતી ગંગાજીની આરતીનાં દર્શન કર્યાં. ગંગાના ધસમસતા પ્રવાહમાં ફૂલોના પડિયામાં દીપ પ્રગટાવીને તેને નદીમાં તરતો મૂકવાની અને પાણી ઉપર તેને હાલક ડોલક ઝૂલતો જતો જોવાની ખૂબ મજા આવી. કનખલ, ભારત માતા મંદિર અને અન્ય આશ્રમો પણ જોયા.

હરદ્વારથી ઉ.પ્ર. રોડવેઝની બસમાં હૃષીકેશ પહોંચ્યા. ત્યાં મુનિ કી રેત ખાતે શ્રી શિવાનંદ આશ્રમ છે એની મને ખબર હતી. હકીકતમાં દિલ્હી નોકરી માટે જવાનું થયું એ પહેલાંના પાંચેક વર્ષો અગાઉ કેવળ જિજ્ઞાસા ખાતર મેં સ્વામી શિવાનંદજીને લખેલા એ એક પત્રનો તેમણે મને જવાબ લખ્યો હતો અને આશ્રમ જોવા આવવાનું સૂચન પણ કર્યું હતું. સંજોગોવશાત્ ત્યારે જઈ શક્યો નહોતો.

આથી સહકુટુંબ ત્યાં પહોંચ્યો ત્યારે ત્યાંનો ભવ્ય ગંગા કિનારો, કિનારે બંધાયેલું આલિશાન ગુજરાત ભવન, સ્વામીજીની કુટિર, આશ્રમની હોસ્પિટલ, પોસ્ટ ઓફિસ, અન્નક્ષેત્ર, સડકની સામે ટેકરી ઉપર આવેલું શ્રી વિશ્વનાથ મંદિર, ભોજનાલય, સ્વામીજીની સમાધિ, યોગ વેદાંત મુદ્રણાલય વગેરે જોઈને અમે ખૂબ પ્રસન્નતા અનુભવી. ત્યાંથી થોડે દૂર લક્ષ્મણ ઝૂલા હતો. (હવે તો આશ્રમ પાસે જ શિવાનંદ ઝૂલા પણ બની ગયો છે.) સામે પાર પરમાર્થ નિકેતન, ગીતા ભવન વગેરે આશ્રમો દેખાતા હતા અને ત્યાં જવા માટે એ વખતે હોડીની નિઃશુલ્ક સેવા મળતી હતી.

મંદિરનાં પ્રાંગણમાં જ એક વિશાળ સત્સંગખંડ હતો. અમને કહેવામાં આવ્યું હતું કે એ ખંડમાં ઓમ્ નમો નારાયણાયનો અખંડ જાપ ચાલે છે અને અમે પણ તેમાં ભાગ લઈ શકીએ છીએ. એ ખંડમાં દિવ્ય જીવન સંઘના વિદ્વાન સ્વામીઓનાં ગીતા, યોગ તેમ જ અન્ય વિષયો પર પ્રવચનો થતાં અને અમે તેમાં હાજરી આપતા. એ પ્રસંગે સ્વામી કૃષ્ણાનંદજી, સ્વામી અધ્યાત્માનંદજી વગેરેનાં પ્રેરક પ્રવચનો સાંભળવાનો લહાવો લીધો હતો. એ પછી તો અનુકૂળતા મળતી એ પ્રમાણે આશ્રમની મુલાકાતે ઘણી વાર જવાનું થયું છે.

એ હોલમાં પ્રવેશતાં જ ડાબી અને જમણી તરફ સંગેમરમરની બે અત્યંત મનમોહક પ્રતિમાઓ જોઈ શકાતી હતી. એમાંથી એક ચામુંડા માતાની હતી. બીજી મા સરસ્વતીની હતી એવું સ્મરણ થાય છે. એ મૂર્તિઓ જોઈને હું ખૂબ પ્રભાવિત થયો હતો.

એ કોણે અને ક્યારે બનાવી હશે એ જાણવાની સ્વાભાવિકપણે મને ઉત્કંઠા હતી; ત્યાં જ એક સ્વામીજીએ મને સમજાવ્યું કે દેશ-વિદેશથી અનેક સાધકો સ્વામીજીના સાન્નિધ્યમાં સાધના કરવા આવતાં રહેતાં હતાં. એ રીતે થોડાં વર્ષો પહેલાં જર્મનીથી એક સાધિકા તેમના દર્શને આવી હતી. અહીંનું વાતાવરણ અને સ્વામીજીની પ્રતિભા જોઈને તેણે સ્વદેશ પાછા ફરવાનો વિચાર માંડી વાળ્યો અને સ્વામીજીની અનુમતિ મેળવીને તે આશ્રમની સેવામાં ઓતપ્રોત થઈ ગઈ. સ્વામીજીએ તેને દીક્ષા આપી અને તેને ઉમા નામ આપ્યું એવું તેમણે મને કહ્યું હોવાનું સ્મરણ થાય છે.

કાલાંતરે સ્વામીજીએ સમાધિ લીધા પછી તેનું મન ઉદાસ રહેલા લાગ્યું. તેને આસપાસના પહાડોમાં જઈને એકાંતમાં સાધના ચાલુ રાખવાનો વિચાર આવ્યો.

ખૂબ મનોમંથન પછી અને આશ્રમના વરિષ્ઠ સ્વામીઓની સલાહ લઈને તે આસપાસના કંદરાઓ ઘૂમી વળી. છેવટે તેને લક્ષ્મણ ઝૂલાથી થોડે દૂર એક પહાડ ઉપર એક અવાવરુ ગુફા મળી આવી. તેના આગળના પ્રવેશ માર્ગ આડા મોટા પથ્થરો પડ્યા હતા. તેની પાછળના ભાગમાં એક સાંકડું બાકોરું હતું પણ તેની આગળ પણ કાંટા ઝાંખરાંનાં ઝૂંડ હતાં. તેમણે હિંમત હાર્યા વિના એ રસ્તો સાફ કર્યો અને ધીમેથી એ અંધારી ગુફામાં પ્રવેશ્યાં.

ત્યાર પછી તેમણે ગુફા અંદરથી સાફ કરી અને તેનાં પ્રવેશદ્વાર પાસે નાનકડી ઝાંપી બનાવી. તેમના શિલ્પકામના શોખને ગુફામાં પણ થોડો વખત પોષ્યો અને બીજી એકાદ બે પ્રતિમાઓ બનાવી. તેમને સંગીતનો શોખ હતો એટલે તેમની સિતાર પણ ત્યાં પડી હતી. તેમણે પૂજાસ્થાન બનાવીને ત્યાં ધૂપ દીપ વગેરે રાખ્યાં. એ જ ગુફાની બહાર સહેજ ઊંચાઈ પર બીજી એક બખોલ હતી જ્યાં તેમણે પોતાનો નિવાસ રાખ્યો હતો. નીચેના પરમાર્થ નિકેતનના સહકારથી એકાદ બે સ્થાનિક માણસો જંગલમાંથી જડીબુટ્ટી લાવી, માતાજીની સૂચના પ્રમાણે ખાંડીને તૈયાર કરતા એવું અમે જોઈ શક્યા. ગુફામાં નાનું પૂજાસ્થાન પણ બનાવવામાં આવ્યું હતું.

આવાં તપસ્વિનીનાં દર્શન કરવાની મને ઈચ્છા થઈ પણ અજાણી ભોમકામાં એકલા સાહસ નહિ કરવાની મને સલાહ મળી. એ દિવસોમાં રાજકોટથી મોટી ઉંમરનાં કેટલાંક બહેનો અધિક માસ નિમિત્તે આશ્રમમાં ઉતર્યાં હતાં અને તેઓએ પણ મારી સાથે તપસ્વિનીનાં દર્શને આવવાની ઈચ્છા વ્યક્ત કરી. મેં તેમને ચઢાણનાં જોખમોની વાત કરી પણ તેમણે હિંમત બતાવી. અમારો કાફલો સવારના નવેક વાગ્યા પછી ઉપડ્યો. લક્ષ્મણ ઝૂલા પાર કરીને નિર્ધારિત કેડીએ અમે ચઢાણ શરૂ કર્યું. કાચો રસ્તો હતો એટલે બધાંને સંભાળપૂર્વક ચાલવાનું અમે કહ્યું. આટલા કાફલામાં પુરુષોમાં હું એકલો જ હતો એટલે સાવધ રહેવું પડતું. એકાદ કલાક પછી સામેની ભેખડ નીચે એક વીરડો દેખાયો, જેમાં ઠંડું સ્વચ્છ પાણી પહાડમાંથી આવતું હતું. અમે સહુએ પાણી પીધું અને હાથ મોં પણ ધોયાં તોય પાણી ઘટ્યું કે ઢોળાયું નહિ. તાજામાજા થઈને અમે આગળ ચાલ્યા અને વીસેક મિનિટમાં યથાસ્થાને પહોંચ્યા.

ગુફા બંધ હતી. જોકે ઝાંપીમાંથી અંદર દીવો બળતો જોઈ શકાતો હતો, સિતાર પડી હતી અને એકાદ બે મૂર્તિઓ બનેલી જોવા મળતી હતી. બહાર બેસીને જડીબુટ્ટી ખાંડતા બે માણસોને અમે માતાજી વિશે પૂછ્યું તો તેમણે ઉપરની નાની ગુફા તરફ આંગળી ચીંધીને કહ્યું કે તેઓ ત્યાં છે. અમે ચઢાણની શરૂઆત કરી હશે ત્યાં જ તેમને તમારા આવવાની જાણ થઈ ગઈ હતી. અમે ગુફા જોવાની ઈચ્છા પ્રદર્શિત કરી. બહારથી તાળું હતું.

બરાબર એ જ વખતે ઉપરની ગુફા આગળ પડેલી મોટી શિલાની પાછળ શ્વેત વસ્ત્ર લપેટેલાં એ માતાજીએ ડોકું કાઢ્યું. અમે સહુએ પ્રણામ કર્યાં, અમારી સાથે આવેલાં બહેનો તો ભાવવિભોર બનીને તેમનો ચરણસ્પર્શ કરવા અને તેમને ચરણે પૈસા ધરવા અધીરાં થયાં પણ તેમણે અમને એમ કરતાં વાર્યાં. ત્યાં રહેલા માણસોએ અમને તેમની સાથે માત્ર હિન્દીમાં જ બોલવાની સૂચના આપી. મેં તેમને ગુફામાં જઈને દર્શન કરવા દેવા માટે વિનંતી કરી. તેમણે પેલા માણસોને તાળું ખોલી દેવા કહ્યું. અમે ગુફામાં દર્શન કર્યાં. અંદર અદ્‌ભુત શાંતિ હતી. અમે બહાર આવ્યાં પછી માતાજીએ અમને કહ્યું, ‘આપ સબ લોગ બહોત દૂર સે આયે હૈં... વાપસ જાને મેં ભી સમય લગેગા... ધૂપ હો ગઈ હૈ ઔર આપ કે સાથ છોટે બચ્ચે હૈં ઈસ લિયે અબ આપ લોગ આરામસે લૌટ જાઈયે.’

અમને એટલી સૂચના આપીને તેઓ પાછાં અંતર્ધ્યાન થઈ ગયાં. અમે દસેક મિનિટ આરામ કરીને નીચે ઉતરવા લાગ્યાં. રસ્તો કાચો અને પથરાળ હતો એટલે ખૂબ આસ્તેથી ઉતરવાનું હતું. વચ્ચે થોડી વાર વિશ્રામ કરતાં કરતાં દોઢેક કલાક પછી અમે હેમખેમ પાછાં ફર્યાં ત્યારે કોઈ દૈવી શક્તિનો સાક્ષાત્કાર થયાની અનુભૂતિ થતી હતી.

I J

# એક સત્ય ઘટના

K **શ્રીમતી પૂર્ણાબેન જ્યોતિન્દ્ર રીંડાણી** L

તા. ૨૬-૧-૨૦૦૧ના રોજ થયેલા વિનાશક ભૂકંપને દિવસે બનેલી મારા જીવનની આ સત્ય ઘટના છે.

તા.૨૬મી જાન્યુઆરીને દિવસે પૂ. સ્વામીશ્રી અધ્યાત્માનંદજી મહારાજ સાથે અમે વલસાડમાં એક સાધકને ત્યાં 'હૃષીકેશ' બિલ્ડિંગમાં દસમે માળે હતાં. સત્સંગ ચાલતો હતો.

આશરે સવારે ૮-૪૫ વાગે ધ્રુજારી અનુભવી. ભૂકંપની અસર છે તેમ લાગ્યું. ધીમે ધીમે ધ્રુજારી વધી અને બિલ્ડિંગ ૪૦થી ૪૫ અંશના ખૂણે ડોલવા લાગ્યું. બેસી કે ઊભી શકાય તેમ નહોતું. આમ ત્રણેક વખત થયું. ધીમે ધીમે બિલ્ડિંગ સ્થિર થવા લાગ્યું. ધ્રુજારી અને ધણધણાટી ચાલુ જ હતી. ધીમે ધીમે બધા બહાર નીકળી, ઊતરીને ભાગવા માંડ્યાં. લિફ્ટ બંધ થઈ ગઈ હતી અને આશરે ૧૮૦ પગથિયાં ઉતરવાનાં હતાં. પૂ. સ્વામીજી બહાર આવી, ફરી ફ્લેટમાં જઈ ધ્યાનમાં બેસી ગયા.

લગભગ બધાં જ ઊતરી ગયાં. મને 'સ્લીપ ડીસ્ક'નો કષ્ટપ્રદ વ્યાધિ હતો. મારાથી જલદી ઊભું થઈને ચાલી શકાય તેમ નહોતું. હું પહેલે પગથિયે આવી ઊભી રહી. એ પણ નીચે ઊતરી ગયા, એમને એમ કે પૂ. સ્વામીજી પાછળ આવે છે. દાદરાની દીવાલ પાસે થોડાં પગથિયાં હતાં. આવા સંજોગોમાં નીચે કેમ ઉતરાશે ? મને મૃત્યુનો ભય નહોતો પરંતુ હાથ-પગ ભાંગે તો પરવશતામાં કેમ જીવાશે ? મેં મનમાં ગુરુદેવ સ્વામી ચિદાનંદજીએ આપેલો મંત્રજપ શરૂ કરી 'મા' જગતજનનીને પ્રાર્થના કરી 'હે મા ! હું તારે શરણે છું, યથા યોગ્ય તથા કુરુ' અને જાણે કે ચમત્કાર થયો. મારી આંખ મિંચાઈ ગઈ, કોઈએ બાવડું ઝાલ્યું હોય એમ અનુભવ્યું અને પગ જમીનથી અદ્ધર થઈ ગયા. શું થયું તેની ખબર પડી નહીં. થોડી ક્ષણો બાદ ચારે બાજુથી આવતા ઘોંઘાટ, રોકકળ અને શોરબકોરથી મારી આંખ ખૂલી, બાવડું છૂટ્યું અને પગ જમીનને અડ્યા. પંદરેક પગથિયાં બાકી હતાં તે હું એકદમ ઊતરી ગઈ. નહોતું દુખતું પગનું ભાન કે નહોતો ચડ્યો શ્વાસ ! દસમા માળેથી પહેલા માળ સુધી 'લિફ્ટ'માં કોઈએ ઉતારી હોય એમ લાગ્યું.

મને ખાતરી થઈ કે આ અદશ્ય શક્તિ એ મારી 'મા' જ ! મારો આર્તનાદ સાંભળી દોડી આવી. બાળકની જેમ ટીંગાટોળી કરી મને ઉતારી. નીચે ઉતર્યા પછી પણ હું આ અનુભૂતિમાંથી બહાર આવી શકતી નહોતી.

શાસ્ત્રો અને પુરાણોમાંની અનેક કથાઓમાં પ્રભુએ પોતાના પરમ ભક્તોને સહાય કર્યાના અનેક ઉદાહરણો છે પરંતુ હળાહળ કળિયુગમાં પણ મારા જેવા પામર જીવ માટે, પોતાનું પરમપદ છોડી, મારા આર્તનાદે 'મા' દોડી આવી.

'મા'ની અનન્ય કૃપા, ગુરુમંત્ર અને ગુરુદેવની સૂક્ષ્મ હાજરીનો પ્રભાવ, પૂજ્ય સ્વામીજીની સદેહે ઉપસ્થિતિથી ઉદ્ભવેલ આંદોલનો, એમનું વાત્સલ્ય અને કરુણા, આ બધાં પરિબળોને કારણે જ આ અનુભૂતિ શક્ય બની.

સમય પસાર થવા લાગ્યો તેમ તેમ મેં અનુભવ્યું કે એ દિવ્ય સ્પર્શથી મારી બધી જ પીડા શમી ગઈ હતી. દુઃખાવો ગાયબ થઈ ગયો. એ સમયે મારા ચાર કરોડ મંત્રજપ પૂરા થઈ ગયેલા. બાકીના જપ નીચે, જમીન બેસીને આસને બેસી પૂરા કર્યા. 'મા'ની કૃપાથી તેર કરોડ જપનો મારો સંકલ્પ પૂરો થયો.

આ ઘટનાને સાત વર્ષ પૂરાં થયાં છે પરંતુ ગઈ કાલે જ ઘટના બની હોય તેમ લાગે છે. હવે હું આરામથી દિવસમાં પંદર-સત્તર વાર દાદર ચડું-ઊતરું છું, નીચે જમીન પર બેસાતું જ નહતું તે હવે બેસીને જપ-પૂજાપાઠ બધું જ કરું છું.

તેર કરોડ જપ કરવાથી 'સાક્ષાત્કાર' થાય છે તેમ સાંભળ્યું છે, પરંતુ મને તો તે પહેલાં જ થઈ ગયો.

આ ઘટનાને 'સાક્ષાત્કાર' સિવાય બીજું શું નામ આપી શકાય ?

# શ્રી ચૈતન્ય મહાપ્રભુજી - જીવન પ્રસંગો

શ્રી કનૈયાલાલ મ. પંડ્યા

## અનન્યનિષ્ઠ મુરારિ ગુપ્તને શ્રીચૈતન્ય મહાપ્રભુનાં અંતર્યામીપણાનાં દર્શન

મુરારિ ગુપ્ત ગૌરહરિ શ્રીચૈતન્ય મહાપ્રભુ (નિમાઈ પંડિત)ના સહાધ્યાયી હતા. પ્રભુ કરતાં તે ઉંમરમાં મોટા હતા. પ્રભુ તેમને ઘણો જ પ્રેમ કરતા હતા. મુરારિને પણ મહાપ્રભુનાં ચરણોમાં સંપૂર્ણ અનુરાગ હતો. મુરારિ શ્રીરામના અનન્ય ભક્ત હતા. ભાવાવેશમાં તે પોતાની જાતને હનુમાન સમજી બજરંગની માફક હુંકાર પણ કરવા લાગતા. તે મહાપ્રભુને પોતાના સ્વામી અને પોતાને તેમના સેવક સમજતા હતા.

એક દિવસ મહાપ્રભુ વિષ્ણુભાવમાં 'ગરુડ ! ગરુડ !' કરવા લાગ્યા. બસ, એ જ વખતે મુરારિએ પોતાના વસ્ત્રને પાંખોની માફક બંને હાથે ફેલાવી ગરુડના ભાવમાં આવી જઈ પ્રભુને તરત જ પોતાના ખભે ચડાવી દઈ આનંદથી આમતેમ આંગણામાં ફરવા માંડ્યું. એ જોઈ ભક્તોના આનંદનો પાર ન રહ્યો. તેમને પ્રભુ સાક્ષાત્ ચતુર્ભુજ નારાયણની માફક ગરુડ ઉપર બેઠેલા અને ચારે હાથોમાં શંખ, ચક્ર, ગદા, પદ્મ ધારણ કરેલા દેખાયા. ભક્તો સાનંદ નૃત્ય કરવા લાગ્યા. માલતીદેવી તથા શચીમાતા (મહાપ્રભુનાં જનની) આદિ અન્ય સ્ત્રીઓ પ્રભુને મુરારિના ખભે ચડેલા જોઈ ભયભીત થવા લાગી. કેટલીક વાર પછી પ્રભુને બાહ્યજ્ઞાન થયું અને એ મુરારિના ખભેથી નીચે ઊતર્યા.

મુરારી શ્રીરામના અનન્ય ભક્ત હતા. પ્રભુએ તેમની નિષ્ઠાની ભક્તોને ખાતરી કરાવવા એક દિવસ મુરારિને કહ્યું, 'શ્રીરામ અને શ્રીકૃષ્ણ બંને એક જ છે. પરંતુ શ્રીકૃષ્ણની લીલાઓ શ્રીરામની લીલાઓ કરતાં વધુ રસભરી છે. મારી હાર્દિક ઇચ્છા એવી છે કે તમે નિરંતર શ્રીકૃષ્ણ લીલાઓનું જ રસાસ્વાદન કર્યા કરો. આજથી શ્રીકૃષ્ણને જ પોતાનું સર્વસ્વ સમજી તેમનાં જ અર્ચન-પૂજન-ભજન-ધ્યાન કર્યા કરો. મુરારિએ કહ્યું, 'એવું કરીશ.''

પરંતુ મુરારિનું ચિત્ત તો રામરૂપમાં રમી રહ્યું હતું, પરંતુ પ્રભુએ શ્રીકૃષ્ણોપાસના કરવાની આજ્ઞા આપી. તેથી તેમના મનમાં દ્વિધા ઉત્પન્ન થઈ ગઈ. તે આખી રાત આંસુ વહાવતા રહ્યા. બીજે દિવસે મુરારિ પ્રભુ પાસે જઈ નમ્રતાથી બોલ્યા, 'પ્રભો ! આ મસ્તક તો મેં શ્રીરામને વેચી દીધું છે. હું મૂંઝવણમાં પડી ગયો છું. મારાથી આપની આજ્ઞા ઉલ્લંઘવી શક્ય નથી. હું હવે આપઘાત કરી નાખીશ.' એમ કહી તે ડૂસકાં ભરી રડવા લાગ્યા. તેમની એવી નિષ્ઠા જોઈ પ્રભુ તેમને આલિંગન કરી બોલ્યા, 'મુરારિ ! તમે ધન્ય છો. તમારામાં તમારા ઈષ્ટ પ્રતિ આટલી બધી નિષ્ઠા છે; મારી પણ એવી એકાંતિક નિષ્ઠા શ્રીકૃષ્ણચરણમાં થઈ જાય એવા મને આશીર્વાદ આપો.' શ્રીરામ પ્રત્યે આ રીતે મુરારિની દૃઢ નિષ્ઠા જોઈ પ્રભુએ મુરારિ ગુપ્તના મસ્તક પર પોતાનાં ચરણો પધરાવી 'અવિરલ ભક્તિ પ્રાપ્ત થાઓ.' એમ કહી પ્રભુએ તેમના મસ્તક પર 'રામદાસ' એવું લખી દીધું.

આ રીતે પ્રભુનો અસીમ અનુગ્રહ પ્રાપ્ત કરી મુરારિ આનંદવિભોર થઈ ઘેર ગયા. તેમણે ભાવાવેશમાં પત્ની પાસે ખાવા માટે ઘીમિશ્રિત દાળભાત માગ્યાં. પતિવ્રતા સ્ત્રીએ એ જ વખતે રાંધીને દાળભાત પીરસી દીધાં. હવે તો એ કોળિયામાં ઘી ભેળવી ભેળવીને જે કોઈ દેખાય તેને પ્રેમપૂર્વક ખવડાવતા જાય અને પોતે પણ ખાતા જાય. મુરારિ એટલું બધું અન્ન ખાઈ ગયા કે તેમની સ્ત્રી ચકિત થઈ ગઈ. પરંતુ પતિપરાયણા નારીએ 'હવે બસ કરો.' એમ ન કહ્યું. આ રીતે ખાઈપીને રાત્રે સૂઈ ગયા.

મુરારિ પોતે વૈદ્ય હતા. સવારે તે જાગ્યા ત્યારે તેમની સામે પ્રભુને ઊભેલા જોઈ તેમની ચરણવંદના કરી વિનીતભાવે પૂછ્યું, 'આ સમયે પધારવાનું કારણ શું છે પ્રભો ?' કંઈક હસતાં પ્રભુ બોલ્યા, 'તમે તો વૈદ્ય છો, છતાંય આફત કરી દો છો. લાવો કંઈક ઔષધ આપો.'

આશ્ચર્યથી મુરારિ વૈદ્ય બોલ્યા : 'પ્રભો ! એક રાતમાં તમને શું થઈ ગયું ? શાની ઔષધિ આપું ?'

સસ્મિત પ્રભુ બોલ્યા : 'તમને ખબર નથી કે શું વિકાર થઈ ગયો, પણ આ તમારી સ્ત્રીને પૂછો. તમે મને કેટલાં બધાં ઘીવાળાં દાળભાત ખવડાવી દીધાં ? તમે મને ખવડાવતા જ ગયા અને પ્રેમવશ હું ખાતો જ રહ્યો. હવે અજીર્ણ થઈ ગયું છે. ઔષધિ પણ તમારી પાસે છે' એમ કહી પ્રભુએ ખાટલા નીચેથી મુરારિનું એંઠું પતરાળું ખેંચી લઈ ચાટી લીધું. એ જોઈ મુરારિ પ્રેમની હદ વટી જતી જોઈ પ્રભુનાં ચરણોમાં પડી રડવા લાગ્યા.

# ફાયદાનો ફાયદો શો ?

-ડૉ. હરીશ દ્વિવેદી

કવિતા લખવાથી તમને શું મળે ? કોઈક મારવાડી શેઠે શહેરમાં પધારેલા એક જાણીતા કવિને આ પ્રમાણે સીધો જ પ્રશ્ન પૂછ્યો. કવિએ હસતાં હસતાં એનો ટૂંકો જવાબ આપતાં કહ્યું, 'શેઠજી કંઈ જ મળે નહીં'. તો પછી કવિતા લખવાથી ફાયદો શું ? કવિએ નમ્રતાપૂર્વક જણાવ્યું કે એનાથી કોઈ ફાયદો પણ થતો નથી. શેઠજીની ધીરજ ખૂટી ગઈ. તેમણે કહ્યું કે ભલા માણસ તો પછી તમે કવિતા લખો છો જ શું કરવા ?

શેઠજીએ વગર માંગ્યે પોતાનો છેલ્લો અભિપ્રાય આપતાં કહ્યું કે જુઓ ભાઈ, તમારી કવિતાના વિષયમાં મને કંઈ ઝાઝી ગતાગમ પડે નહીં, પરંતુ હું તો તમને એક સીધી સાદી વાત જણાવું કે જેમાંથી તમને કંઈ જ મળવાનું નથી કે કોઈ ફાયદો થવાનો નથી તો પછી એ બધી માથાકૂટમાં તમે પડો છો જ શું કરવા ?

કવિએ કહ્યું, શેઠજી એ બધી વાત તમે એક બાજુએ મૂકો. તમે એ નહીં સમજી શકો. ચાલો હવે તમે મારા એક પ્રશ્નનો જવાબ આપો કે, તમે જે ફાયદાની વાત કરો છો તે ફાયદાનો ફાયદો શું ?

દરેક વસ્તુને ફાયદાની દૃષ્ટિએ વિચારતા શેઠજી ખરેખર મૂંઝાઈ ગયા. મનમાં ને મનમાં તેઓ વિચારવા લાગ્યા કે, ફાયદાનો ફાયદો શું હોઈ શકે ? કવિએ એમને નિરુત્તર બનાવી દીધાં. મૌનમાં ગરકાવ થઈ તેઓ ફાયદાના ફાયદા અંગે વિચારવા લાગ્યા.

સાચે જ વિચારવા જેવો આ પ્રશ્ન છે. જીવનમાં હંમેશાં આપણને થતા ફાયદાઓની ગણતરીને જ આપણે મહત્ત્વ આપતાં હોઈએ છીએ. આજે આવા ગણતરીબાજ લોકોની સંખ્યા વધતી જાય છે. અમુક વસ્તુ કરવાથી મને શો ફાયદો એવું વિચારનાર લોકોની જમાત દિવસે દિવસે મોટી થતી જાય છે.

આવા લોકો માનવ સંબંધોને પણ ફાયદાના ત્રાજવે જોખતા હોય છે. સંબંધોને જમા ઉધારના ચોપડે નોંધતા હોય છે. પરંતુ પ્રેમ અને લાગણીનો હિસાબ-કિતાબ તો સાવ જુદો જ હોય છે. ફાયદાની ભાષા ત્યાં ચાલી શકે તેમ નથી. પ્રેમના સંબંધોના પણ સમીકરણ મૂકનાર વ્યક્તિ એમાં રહેલ સૂક્ષ્મ અવ્યક્ત ભાવના કઈ રીતે સમજી શકવાનો ? એ એની સમજ બહારની વસ્તુ છે. આ સંદર્ભમાં બંગાળના મહાન સંતભક્ત ચૈતન્ય મહાપ્રભુના જીવનનો એક ખૂબ જ અદ્‌ભુત પ્રસંગ છે. જ્યારે તેઓ વિદ્યાભ્યાસ કરતા હતા ત્યારે નિમાઈ પંડિત તરીકે તેઓ જાણીતા હતા. સંસ્કૃતના પ્રખર વિદ્વાનોમાં તેમની ગણના થતી હતી. નિમાઈને રઘુનાથ ભટ્ટ નામનો એક પરમ મિત્ર હતો. એ પણ સંસ્કૃતનો મોટો વિદ્વાન હતો. બંને જણા સંસ્કૃત પાઠશાળાના સહાધ્યાયી અને ન્યાયશાસ્ત્રના વિદ્યાર્થી હતા. શાસ્ત્રમાં પારંગત બન્યા પછી બંને જણે મનોમન ન્યાયદર્શન ઉપર ગ્રંથ લખવાનું નક્કી કર્યું. બંને મિત્રોએ એકબીજાને આશ્ચર્ય આપવા માટે ગ્રંથ પૂરો થઈ જાય પછી જ એકબીજાને જાણ કરવાનું વિચાર્યું.

આ વાતને ખાસ્સો સમય પસાર થઈ ગયો. નિમાઈએ પોતાનો ગ્રંથ વહેલો પૂરો કરી નાખ્યો એટલે રઘુનાથને એની જાણ કરવાનું એમણે નક્કી કર્યું. એને માટે બંને મિત્રો એક વાર નૌકાવિહાર કરવા માટે નીકળ્યા. ખૂબ જ પ્રસન્નતાપૂર્વક નિમાઈએ પોતાના ગ્રંથની હસ્તપ્રત રઘુનાથને બતાવી. પોતાના મિત્રનો અભિપ્રાય જાણવા માટે ન્યાયદર્શનના એ ગ્રંથમાંથી અમુક ભાગ નિમાઈએ વાંચી સંભળાવ્યો. ખૂબ જ ઉત્સાહપૂર્વક નિમાઈએ રઘુનાથની સામે જોયું. રઘુનાથનું મુખ નિસ્તેજ બની ગયું હતું અને કોઈક ઊંડા વિચારમાં એ ડૂબી ગયો. આ જોઈ નિમાઈએ તરત જ પૂછ્યું, રઘુનાથ આમ કેમ ! અચાનક તું કયા વિચારોમાં ખોવાઈ ગયો ? જે કંઈ હોય તે સાચી વાત તું મને કહે.

રઘુનાથે સાચી વાત કરતાં નિમાઈને કહ્યું કે વહાલા મિત્ર, હું પણ આ જ વિષય ઉપર ગ્રંથ લખી રહ્યો છું. તારું લખાણ જોતાં મારા ગ્રંથની સાથે એની કોઈ તુલના કરી શકાય તેમ નથી. ન્યાય દર્શન ઉપર આવો અદ્‌ભુત ગ્રંથ હજુ સુધી લખાયો નથી. એ જોઈ મારા મનમાં સહેજ ઈર્ષાનો ભાવ જાગી ઊઠ્યો. હું એ વિચારતો હતો કે તારા ગ્રંથની સામે મારા ગ્રંથનું કોઈ મૂલ્ય રહેશે નહીં. તારો ગ્રંથ ખરેખર અદ્‌ભુત છે !

ક્ષણમાત્રમાં નિમાઈને પરિસ્થિતિનો ખ્યાલ આવી

ગયો. હસતાં હસતાં પોતાના મિત્રને ખભે હાથ મૂકી એમણે કહ્યું, રઘુનાથ એમાં શું મોટી વાત છે ! મને ખબર નહોતી કે તું પણ આ વિષય ઉપર જ ગ્રંથ લખી રહ્યો છે. પરંતુ એ બધી ચર્ચા કરવાનો હવે કોઈ અર્થ નથી. ન્યાયદર્શન ઉપર લખેલ તારો ગ્રંથ જ સર્વોત્તમ ગણાશે ! અને સહેજ પણ અચકાયા વિના નિમાઈ પંડિતે પોતાના એ અદ્‌ભુત ગ્રંથની હસ્તપ્રત ગંગાજીમાં પધરાવી દીધી !

આ ઘટના આજથી લગભગ પાંચસો વર્ષ પૂર્વે બની હતી પરંતુ આજે પણ પ્રશ્ન પૂછવાનું મન થાય કે ન્યાયદર્શન ઉપરના આવા અદ્વિતીય અદ્‌ભુત ગ્રંથને નદીમાં પધરાવી દેતાં નિમાઈ પંડિતને શું મળ્યું ? એનાથી એમને શો ફાયદો થયો ?

એનો કોઈ જવાબ આપણી પાસે નથી. હોઈ શકે કે નિમાઈ પંડિતને એમાંથી ઘણું બધું પ્રાપ્ત થયું હોય ! કદાચ નિમાઈમાંથી ચૈતન્ય મહાપ્રભુ બનવા માટેનું એ પ્રથમ સોપાન પણ બન્યું હોય ! એમણે તો પોતાના ગ્રંથને ગંગાજીમાં પધરાવી જ્ઞાનની સાથે જોડાયેલા પોતાના સૂક્ષ્મ અહંકારને પણ જળસમાધિ આપી દીધી હતી.

ઇતિહાસના પૃષ્ઠો ઉપર આવા પ્રેમ અને સમર્પણના નાના મોટા અસંખ્ય પ્રસંગો આલેખાયેલા છે પરંતુ આજે તો આપણે લાગણીના અને પ્રેમના સંબંધોની પવિત્રતાને પણ અભડાવી મૂકી છે. ગુજરાતી સાહિત્યના વેદાંતી-ભક્ત કવિ અખાના જીવનમાં પણ લાગણીના સંબંધોને હચમચાવી નાખે તેવો પ્રસંગ બન્યો હતો અને એને કારણે જ એના જીવનમાં સંસાર પ્રત્યેનો વિરક્તિનો ભાવ જાગી ઊઠ્યો. અખો પોતે સોનીનો ધંધો કરતો હતો. એક વાર એણે પોતે ધર્મની માનેલ બહેનના ઘરેણામાં પોતાનું સોનું ઉમેરી એને મનપસંદ ઘાટ ઘડીને પાછું આપ્યું. છતાં બહેનના મનમાં શંકા જાગી કે મારા સોનાના ઘરેણામાંથી અખાએ સોનું કાઢી તો નહીં લીધું હોય ને ? એની તપાસ કરાવવા માટે એણે બીજા સોની પાસે જઈ દાગીનો તોડાવીને જોયો ! ત્યારે એમાંથી સોનું ઓછું થવાને બદલે વધ્યું હતું ! આ વાતની અખાને ખબર પડી અને કહેવાય છે કે આ પ્રસંગથી એના જીવનમાં એક મોટું પરિવર્તન આવ્યું. લાગણીના સંબંધોમાંથી એની શ્રદ્ધા ઊઠી ગઈ. પોતાનો બધો કારોબાર છોડી નફા-નુકસાનથી પર હોય એવા સાચા પ્રેમના સંબંધની શોધમાં એ ચાલી નીકળ્યો.

આજે આપણા સમાજમાં સંબંધોના ભાવતાલ થતા પણ જોવા મળે છે. લગ્ન જેવા પવિત્ર ગણાતાં સંબંધને પણ અભડાવી મૂકવામાં આવ્યો છે. લગ્નના બજારમાં આજે દુલ્હાના ભાવ બોલાતા હોય છે. ડૉક્ટર, એન્જિનિયર કે આઈ.એ.એસ. થયેલા મૂરતિયાના લાખ, બે લાખ કે પાંચ લાખ સુધીના ભાવ બોલાતા હોય છે. આપણા સમાજમાં લગ્નની મજબૂત ઈમારત જે પ્રેમ અને વિશ્વાસના પાયા પર ઊભેલી ગણાય છે એની જ જો આવી અવદશા થયેલી હોય તો પછી બીજા સંબંધોને મૂલવવા કઈ રીતે ?

એને માટે સંબંધોના ભાવતાલ અને એમાંથી થતાં ફાયદાની કે નફા-નુકસાનની ગણતરીની ભાષાને આપણે બદલવી પડશે. પ્રેમ અને લાગણીના સંબંધમાં એ બધા હિસાબ કિતાબને કોઈ સ્થાન હોતું નથી અને ત્યારે ફરીથી એનો એ જ પ્રશ્ન પૂછવાનું મન થાય છે કે ફાયદાનો ફાયદો શું ?

## તીથલ - શિબિર

(૧) તા.૧લી જૂને સવારે ભોજન પૂર્વે શાંતિનિકેતન બંધુ ત્રિપુટીના જુના ભોજનાલય ખાતે પહોંચવાનું રહેશે. (૨) તા.૬ઠ્ઠી જૂને બપોરે ભોજન પછી પાછા જઈ શકાશે. (૩) દરરોજ સવારે દરિયે બેસીને ધ્યાન કરવાનું રહેશે. સમય ૫-૩૦થી ૭-૦૦. દરિયે ફરવા-ચાલવા પણ જઈ શકો છો. બને તેટલું વધુ મૌન જપ-પ્રાર્થના કરવા. (૪) ચા-નાસ્તા પછી સવારે ૯-૦૦ થી ૧૧-૦૦ પ્રાર્થના, ગીતાપાઠ અને પ્રવચન. ભોજન અને વિરામ ચા પછી બપોરે ૩-૦૦ થી ૫-૦૦ મૌન ધ્યાન, જપ અને પ્રવચન, સાંજે ૫-૩૦ થી ૭-૦૦ દરિયે ભ્રમણ. ૭-૩૦ વાગ્યે ભોજન. રાત્રે ૮-૩૦થી ૯-૩૦ પ્રાર્થના. (૫) ભોજન સાધારણ-સાદું. ભજનકીર્તન અને સત્સંગના ભાવથી આવવું. પણ તનાવમુક્ત અને ભગવદ્ ભક્તિથી ભર્યું ભર્યું જીવન - છ દિવસ આત્મઉલ્લાસ સાથે જીવવું - અને તેવાં જ ભક્તિસભર જીવનનું ભાથું લઈને જવું. (૬) એકસોથી વધુ સાધકોનો સમાવેશ કરી શકાય તેમ નથી, માટે સત્વરે રૂા.૧૦૦૦/- જમા કરાવીને નામ નોંધાવવું. આ નામ અમદાવાદ શિવાનંદ આશ્રમ ખાતે ૩૦મી એપ્રિલ ૨૦૦૮ પહેલાં નોંધાવવા પ્રાર્થના. (૭) સર્વે સાધકોએ પોતાની સાથે પ્રાર્થનાનું પુસ્તક, ગીતાજી, મંત્રલેખનની નોટ, પેન, જપમાળા, બેસવાનું આસન તથા પોતાને માટે જરૂરી દવાઓ લાવવાની રહેશે. - **ગુજરાત દિવ્ય જીવન સંઘ**

I J

# વૃત્તાંત

K L

**દિવ્ય જીવન સાંસ્કૃતિક સંઘ, અમદાવાદ :** માનવજીવનનો હેતુ કે લક્ષ્ય ઈશ્વરસાક્ષાત્કારનું છે. જેટલું જીવન આંતરમુખી બને તેટલું જ વધુ તે આત્મસ્થ થઈ શકે છે; તેટલું વધુ સમય આત્મસ્થ થઈ શકાય. પરમ વિતરાગી પરમહંસ શ્રી સ્વામી પ્રણવારણ્યજી મહારાજના નિર્દેશન હેઠળ તા.૩જી માર્ચે નવ દિવસીય ગહન ધ્યાન શિબિરની પૂર્ણાહુતિ થઈ. દરરોજ સવારે ૩-૩૦ થી ૬-૩૦, પછી ૯-૦૦ થી ૧૨-૦૦, બપોરે ૧-૩૦ થી સાંજે ૬-૦૦ અને છેલ્લે સાંજે ૭-૩૦ થી રાત્રે ૯-૩૦ સુધી ધ્યાન સાધનાનો અભ્યાસ મુમુક્ષુ સાધકોએ કર્યો. સમગ્ર ગુજરાતમાંથી સાધકો આવ્યા. તેમને આહારમાં પલાળેલા પૌઆ, ખજુર, ફળ ઈત્યાદિ જ આપવામાં આવ્યાં. ચા-કૉફી-મીઠું-મરી મસાલાનું ભોજન પૂર્ણાહુતિને અંતે જ મળ્યું. પૂજ્યશ્રી સ્વામી અધ્યાત્માનંદજી મહારાજે અનુરોધ કર્યો કે અમદાવાદના સર્વે સાધકો આ પ્રમાણે દર રવિવારે આશ્રમમાં ભેગા થાય અને દર અઠવાડિયે આ જ પ્રમાણે સામૂહિક સાધના કરવી, બાકી અંગત રીતે વધુમાં વધુ સમય સાધના નિરત રહેવું. પૂજ્ય સ્વામીજીએ આદરણીય સ્વામી પ્રણવારણ્યજી મહારાજને વર્ષમાં ઓછામાં ઓછું બે વખત આ પ્રકારના શિબિરનું આયોજન કરવા પ્રાર્થના કરી.

ચિન્મય મિશન અમદાવાદ ખાતે ચતુર્દિવસીય જ્ઞાનયજ્ઞ અને શિવરાત્રી મહોત્સવનું આયોજન તા.૪-૩ થી ૭-૩ સુધી કરવામાં આવ્યું. પૂજ્ય શ્રી સ્વામી અધ્યાત્માનંદજી મહારાજે તેનું ઉદ્‌ઘાટન દીપ પ્રજ્વલન કરીને કર્યું. આ પ્રસંગે પૂજ્ય સ્વામીજી મહારાજે બ્રહ્મલીન શ્રીમત્ સ્વામી ચિન્મયાનંદજી મહારાજ સાથેના પવિત્ર સંસ્મરણોને વાગોળી પ્રત્યેક ભક્તને પૂજ્ય સ્વામીજી ચિન્મયાનંદજી મહારાજશ્રીની પ્રત્યક્ષ ઉપસ્થિતિનો એહસાસ કરાવ્યો.

શિવરાત્રી પર્વ એટલે પ્રભુભક્તિ અને આનંદ-ઉત્સાહનો અતિરેક. છઠ્ઠી માર્ચે વહેલી સવારે ૩-૩૦ વાગ્યાથી જ આશ્રમના પવિત્ર શ્રી વિશ્વનાથ મંદિરમાં પૂજ્યશ્રી સ્વામી અધ્યાત્માનંદજી મહારાજશ્રી અન્ય સંતો અને ભક્તો દ્વારા પવિત્ર રૂદ્રમ્‌ના પાઠ સાથે ષોડષોપચાર પૂજન અર્ચન અને અભિષેકનો મંગળ પ્રારંભ થયો. સવારે ૪-૦૦ થી ૭-૦૦ સુધી અને બપોરે ૧૨-૦૦ થી ૩-૦૦ સુધી બે અભિષેકાત્મક લઘુરુદ્ર થયા. છેક બીજા દિવસે બ્રાહ્મમુહૂર્તમાં ચાર વાગ્યા સુધી પૂજન, અર્ચન, અભિષેક માટે ભક્તોનું મહેરામણ ઊભરાયું. દસ હજારથી બાર હજાર જેટલા ભક્તોએ દર્શન ઠંડાઈ પ્રસાદ અને બીજે દિવસે મહાપ્રસાદનો લાભ લીધો.

સાંજે ૫-૦૦ થી ૮-૦૦ સુધી પવિત્ર શ્રી ખાટુશ્યામ સત્સંગ મંડળના ભક્તો દ્વારા ભક્તિ સંગીત અને પવિત્ર યજ્ઞ થયો. સાંજે ૭-૦૦ વાગ્યે પૂજ્યશ્રી સ્વામી અધ્યાત્માનંદજી મહારાજશ્રી દ્વારા અતિ દિવ્ય અને દર્શનીય ભસ્મ આરતીનાં દર્શન હજારો ભક્તોની ભીડે ખૂબ જ શાંત સ્વસ્થ અને સંયમપૂર્વક કર્યાં. રાત્રે ૮-૦૦ થી સવારે ૪-૦૦ સુધી આઠ વખત પૂજા-આરતી, નમકમ્ ચમકમ્, રૂદ્રમ્‌ના પાઠો થયા. રાત્રે ૮-૦૦ થી ૧૦-૩૦ સુધી સુરમણિ ડૉ. મોનિકાબેન શાહ અને તેમના આરાધના સંગીત વિદ્યાલયનાં એકસો વિદ્યાર્થી ભાઈ-બહેનો દ્વારા દિવ્ય સંગીતપાન અગણિત શ્રોતાઓએ કર્યું. રાત્રે ૧૦-૩૦ થી ૧-૩૦ વાગ્યા સુધી આદરણીય ભક્તિસંગીતપ્રચારરત્ન પંડિત શ્રી કૃષ્ણકાંત પરીખ અને તેમના પુત્રરત્નો પંડિત વિકાસચંદ્ર, પંડિત નિરજચંદ્ર, પંડિત માતંગચંદ્ર તથા તેમનાં ધર્મપત્નીઓ, બાળકો દ્વારા અદ્‌ભુત દૈવી સંગીત પ્રસ્તુત કરવામાં આવ્યું.

રાત્રે ૧-૩૦ થી સવારે ૪-૦૦ વાગ્યા સુધી વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના સંગીતનાં વિદ્વાનો ઉપરાંત ભરૂચની સુપ્રસિદ્ધ શ્રી કેશવરાય સંગીત વિદ્યાપીઠના આચાર્યશ્રી વિજય વ્યાસજી ઉપરાંત શિવાનંદ આશ્રમ અમદાવાદના ભક્તો શ્રીમતી

મયૂરિકાબેન ઓઝા, શ્રીરામ કુમારજી દ્વારા ભક્તિ સંગીત સંપન્ન થયું. પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજશ્રીએ પણ માલકંસ રાગમાં શિવસ્તુતિ-ચતરંગ અને શ્રી રાવણકૃત-શિવતાંડવ સ્તુતિ માલકંસ રાગમાં પ્રસ્તુત કરતાં ઉપસ્થિત અઢળક ભક્ત સમુદાયે હર્ષધ્વનિ અને જયજયકાર કર્યો હતો.

શિવરાત્રીને બીજે દિવસે મહાપ્રસાદ-ભંડારો આશ્રમમાં તો થયો ઉપરાંત ઝૂંપડપટ્ટીઓમાં જઈને સૌને નારાયણ સેવા સ્વરૂપે લાડુ, દાળ, ભાત, શાક, ફુલવડી, પાપડ, પૂરી, કચુંબર, ઝાલર (વાલ)નું મીષ્ટ ભોજન સંતોષથી જમાડવામાં આવ્યું. જમનારા નારાયણો કરતાં જમાડનારાઓને વધુ સંતોષ થયો. શિવરાત્રી નિમિત્તે વહેલી સવારથી છેક પરોઢિયા સુધી ભક્તોને ઠંડાઈ પીવડાવવામાં આવી.

આશ્રમમાં રેકી, યોગવર્ગો, યોગ દ્વારા સારવાર કેન્દ્ર, અનાજ વિતરણ, નારાયણ સેવા, એક્યુપ્રેશર કેન્દ્ર, પૂર્ણિમાના રોજ શ્રી સત્યનારાયણ પૂજા અને સમૂહિક શ્રીલલિતાસહસ્ર ગાયન, અઠવાડિક સુંદરકાંડ, સાપ્તાહિક રવિવારીય સત્સંગ, ગુરુવારનું ગુરુ પાદુકા પૂજન અને દૈનિક સત્સંગ મૃત્યુંજય મંત્ર જપ વગેરે કાર્યક્રમો નિયમિત રીતે ચાલ્યા.

વેટિંગનના નામદાર પોપે તાજેતરમાં એક ફતવો બહાર પાડીને કહ્યું છે કે, "અમીર થવું (ધનવાન) તે મોટું પાપ છે. છઠ્ઠી શતાબ્દી પછી પહેલી વાર પોપશ્રીએ સાત નવાં પાપોનું લિસ્ટ જારી કરતાં, દેશ-વિદેશમાં ક્રિશ્ચિયનોએ જે રમખાણ કર્યું છે, તે ઉહાપોહની ચર્ચા Z News દ્વારા એક કોન્ફરન્સ કાર્યક્રમ યોજીને લાઈવ ટેલિકાસ્ટ કરવામાં આવી. પૂજ્યશ્રી સ્વામી અધ્યાત્માનંદજી, શ્રીશ્રીશ્રી રવિશંકરજી તથા દિલ્હીના ચર્ચના ફાધર સાહેબ સાથે તા.૯ની રાત્રે દસથી અગિયાર સુધી પ્રસારણ કરવામાં આવ્યું."

ગુજરાત વિશ્વ વિદ્યાલયની ૫૮ કોલેજોના શિક્ષકો ઓરીએન્ટેશન પ્રોગ્રામ માટે ચોથી માર્ચ મંગળવારના રોજ બપોરે ૨-૦૦ થી ૫-૦૦ સુધી આવ્યા. "ઈફેક્ટિવ સ્પીકીંગ" અને તનાવમુક્ત જીવન વિષયક બે પ્રવચનો-પ્રશ્ન ઉત્તર પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજ દ્વારા થયાં.

અમદાવાદની સુપ્રસિદ્ધ SHAL BY ઓર્થોપેડિક મલ્ટી ટ્રીટમેન્ટ હોસ્પિટલનો સાર્ધદશક ઉત્સવ તા.૨૪ની સાંજે ડૉ. વિક્રમ શાહના SHAL BY ભવન ખાતે થયો. ગુજરાત રાજ્યના માજી મુખ્યમંત્રી અને ભારતના અનેક અગ્રગણ્ય ગણમાન્ય અતિથિઓનું મહેરામણ ઊભરાયું. પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજ અતિથિવિશેષરૂપે પધાર્યા.

ડૉ. સુધાબેન શાહ લિખિત "હે દિપ તવ ચરણે" પુસ્તકનું વિમોચન તા. ૨જી માર્ચે પૂજ્ય શ્રી સ્વામી અધ્યાત્માનંદજી મહારાજના વરદ હસ્તે 'ગુલમહોર' ભવનમાં થયું. અતિથિવિશેષ સુશ્રી વિનોદિનીબેન શાહ (સુરેન્દ્રનગર) પધાર્યા. આ પ્રસંગે ગુજરાતના મોટા ભાગના સાક્ષરો ઉપસ્થિત રહ્યાં. વિદિત પુસ્તક ડૉ. દિલિપભાઈ શાહના બહુવિધ આયામો અને જીવન-કવનના સંભારણાં સભર છે. જેમાં સમાજના બે નિમ્નસ્તરના અકલ્પ્ય સંતુલનને વર્ણવી લેવાયું છે.

**વડોદરા :** આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે વડોદરા ખાતે વિશ્વામિત્રી લાયન્સ ક્લબ દ્વારા પૂજ્યશ્રી સ્વામી અધ્યાત્માનંદજી મહારાજશ્રીનું "મહિલાઓના સશક્તિકરણમાં ધર્મનું યોગદાન" વિષય પર ઉદ્‌બોધન થયું. કાર્યક્રમના સમાપનમાં સૌને સ્વરુચિકર ભોજન પીરસવામાં આપ્યું.

**મોગરી (વલ્લભવિદ્યાનગર) :** શ્રી અનુપમ મિશન મોગરી ખાતે તા.૨૧ અને ૨૨ માર્ચના રોજ બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજનો ૧૮૦મો અને પૂજ્ય શ્રી સાહેબજીનો ૬૯મો પ્રાકટ્યોત્સવ ખૂબ જ ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગે પૂજ્યશ્રી સ્વામી અધ્યાત્માનંદજી મહારાજ શિવાનંદ આશ્રમના ભક્તમંડળ સાથે ઉપસ્થિત રહ્યા.

**રાજકોટ :** શિવરાત્રી નિમિત્તે ડૉ. મેઘાણીસાહેબને ત્યાં સત્સંગ, પ્રાર્થના, નારાયણસેવા અને મહાપ્રસાદનું આયોજન ખૂબ જ ઉત્સાહપૂર્વક સંપન્ન થયું. દિવ્ય જીવન સંઘની રાજકોટ શાખા માટે શિવરાત્રી પર્વની આ સેવા સદૈવ ઉત્સાહવર્ધક અને પ્રભુપ્રેમ પ્રેરક હોય છે.



## ‘શ્રીશ્રીશ્રી અષ્ટલક્ષ્મી માતાજી’



**‘SHALBY’** ઓર્થોપેડિક મલ્ટી સર્જરી સંસ્થાનનો સાર્ધદશાબ્દી મહોત્સવ ભૂતપૂર્વ મુખ્યમંત્રી શ્રી કેશુભાઈ પટેલ, ડૉ. વિક્રમશાહ, શ્રી સાહેબજી વર્મા (દિલ્હી) પૂજ્ય સ્વામીજી (૨૪-૦૩-૦૮)



શિવરાત્રિ-મહાઆરતી (૬-૦૩-૦૮)



‘હે દીપ તવ ચરણે’ વિમોચન (૨-૦૩-૦૮)



પૂજ્ય સાહેબ-અનુપમ મિશન, મોગરીનો પ્રાકટ્યોત્સવ
શિવાનંદ આશ્રમના શિષ્ટ મંડળ દ્વારા પૂજ્ય સાહેબનું સન્માન




વિશ્વ મહિલા દિવસ (તા.૮-૦૩-૦૮)



ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રી ગોપાણીજીને ત્યાં મંગળ પ્રવેશ (૨૩-૦૩-૦૮)



અનુપમ મિશન, મોગરી - જય સ્વામિનારાયણ